વર્ધિત પ્રોવિડન્ટ ફંડ નિયમો. (મુંબઇ)

૧. (૧) આ નિયમો 'વર્ધિત પ્રોવિડન્ટ ફંડ નિયમો. (મુંબઇ)' કહેવાશે.

(૨) તે ૧લી. એપ્રીલ. ૧૯૩૪થી અમલમાં આવશે.

૨ (૧) આ નિયમોમાં વિષય અથવા સંદર્ભથી કંઇપણ વિરૂધ્ધનું ન હોય તો. -

(૧) સરકાર એટલે મુંબઇ સરકાર;

૧ (૨) હિસાબી અધિકારી એટલે ......

(૧) ચોથા વર્ગના સરકારી નોકર સિવાયના અન્ય સરકારી નોકરોના સંબધમાં, એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અને;

(૨) ચોથા વર્ગના સરકારી નોકરોના સંબધમાં, હિસાબ અને તિજોરી નિયામક, ગુજરાત રાજ્ય;]

(૩) "મળતર" એટલે, મુંબઇ રાજ્ય સેવા નિયમોમાં, વ્યાખ્યા કર્યા પ્રમાણે પગાર, રજાનો પગાર અથવા નિર્વાહ ગ્રાન્ટ અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે :-

* (ક) કમી કર્યો છે.

(ખ) નિયત માસિક પગારથી મહેનતાણું આપવામાં ન આવતું હોય તેવા નોકરોને સરકાર તરફથી આપવામાં આવતું કોઇપણ વેતન;

(ગ) રાજ્યેતર સેવા અંગે મળતું પગારના સ્વરૂપનું કોઇપણ મહેનતાણું; અને

(ઘ) પગાર, રજાનો પગાર અથવા નિર્વાહ-ગ્રાન્ટને અનુચિત મોંઘવારી પગાર;

(૪) "કુટુંબ" એટલે, ....

(ક) પુરૂષ બચતદારની બાબતમાં, બચતદારની પત્નિ અથવા પત્નિઓ અને બચતદારનાં બાળકો અને બચતદારના મરહૂમ પુત્રની વિધવા અથવા વિધવાઓ અને બાળકો :

પરંતુ બચતદાર એમ સાબિત કરે કે તેની પત્નીને કોર્ટના હુકમથી અલગ વસવાટ મળેલ છે અથવા તેની પત્નીની કોમના રૂઢિગત કાયદા મુજબ હવે તેને ભરણપોષણનો અધિકાર રહેતો નથી, તો ત્યારથી આ નિયમોને લગતી બાબતો માં તે બચતદારના કુટુંબની સભ્ય ગણાશે નહિ, સિવાય કે તેને કુટુંબની સભ્ય તરીકે ચાલુ રહેતી ગણવી એમ

---

૧. નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૪૪! પી એફ આર ! ૨૪૭૧ ! ૯૬૨ ! સી એચ થી અસલને બદલે આ મજકૂર મૂકયો છે.

* એજનથી કમી કરી છે.

બચતદાર પાછળથી હિસાબ અધિકારીને લખિતમાં (@) જાણ કરે:

(ખ) સ્ત્રી બચતદારની બાબતમાં. બચતદારનો પતિ અને બાળકો અને બચતદારના મરહૂમ પુત્રની વિધવા અથવા વિધવાઓ અને બાળકો:

પરંતુ બચતદાર સ્ત્રી તેના પતિને તેના કુટુંબમાંથી બાકાત રાખવાની તેની ઇચ્છા હિસાબ અધિકારીને લખિત નોટિસથી જણાવે અને પાછળથી બચતદાર લખિતમાં @ આવી નોટિસ રદ ન કરે તો, ત્યારથી આ નિયમોને લગતી બાબતોમાં તેનો પતિ તેના કુટુંબનો સભ્ય ગણાશે નહિ.

* [નોંધ ૧: - "બાળકો" એટલે ઔરસ બાળક અને તેમાં બચતદારને લાગુ પડતા અંગત કાયદા હેઠળ દત્તકવિધાન માન્ય થયું હોય તો, દત્તક લીધેલા બાળકનો સમાવેશ થાય છે.]

(૫) " રજા" એટલે બચતદારનેલાગુ પડતા, મુંબઇ રાજ્ય સેવા નિયમો અથવા રાજ્ય સેવા વિનિયમોમાં માન્ય કરવામાં આવેલી કોઈપણ પ્રકારની રજા;

(૬) "ફંડ "એટલે વર્ધિત પ્રોવિડન્ટ ફંડ (મુંબઇ); અને

(૭) " વર્ષ" એટલે નાણાંકીય વર્ષ.

(૨) જેની વ્યાખ્યા પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૨૫ (સન ૧૯૨૫ના ૧૯મા) અથવા મુંબઇ રાજ્ય સેવા નિયમોમાં આપવામાં આવી હોય તેવો આ નિયમોમાં યોજેલો બીજો કોઈપણ શબ્દપ્રયોગ તેમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેના અર્થમાં યોજવવામાં આવ્યો છે.

## ફંડની રચના અને વહીવટ.

૩. (૧) સરકાર ફંડનો વહીવટ કરશે અને ભારતમાં તે રૂપિયાના ચલણમાં રાખવામાં આવશે.

+ [(૨) આ નિયમો હેઠળ ફંડમાં ભરેલી તમામ રકમો, "વર્ધિત પ્રોવિડન્ટ ફંડ (મુંબઇ) હિસાબ" એ નામના ખાતામાં સરકારી ચોપડામાં જમા કરવી. આ નિયમો હેઠળ તે આપવા પાત્ર થતી હોય તે પછી એક વર્ષ ની અંદર જે રકમોની ચુકવણી લેવામાં આવી ન હોય તે રકમો તે વર્ષના માર્ચ મહિનાની ૩૧ મી તારીખ પછી "અનામતો" તરીકે તબદીલ કરવામાં આવશે અને અનામતોને લગતા સાધારણ નિયમો હેઠળ ગુણવામાં આવશે].

---

(@) નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન ! ૪૪! પી એફ આર ૨૪૭૧! ૯૬૨ એમ થી અસલને બદલે આ મજકૂર મૂકયો છે.

+ નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૪! પી એ આર ૨૪૭૧! ૯૬૨ સી એચથી દાખલ કરી છે.

૪. (૧) આ નિયમો-

(૧) સરકારના નિયંત્રણ હેઠળની (પ્રાંતિક, વિશિષ્ટ કે તાબાની) સેવાઓ પૈકીની કોઈપણ સેવાના બિન-પેન્શનપાત્ર જે દરેક સરકારી નોકરને-

(ક) આ નિયમો અમલમાં આવ્યા તે પહેલાં, સરકાર તરફથી નિભાવાતા ખાસ અથવા વર્ધિત પ્રોવિડન્ટ ફંડના લાભો આપવામાં આવ્યા હોય; અથવા.

(ખ) આ નિયમો અમલમાં આવ્યા પછી સરકારે ફંડમાં ફાળો ભરવાની મંજૂરી આપી હોય;

તે દરેક સરકારી નોકરને લાગુ પડશે:

પરંતુ કોઈ સરકારી નોકર અને સરકાર વચ્ચે પ્રોવિડન્ટ ફંડ અંગે, આ નિયમો તેને લાગુ પાડવા માટેની જોગવાઈ કરતી કબૂલાત સિવાય કોઈ કબૂલાત અસ્તિત્વમાં હોય તો, આ નિયમો, સરકારી નોકરને લાગુ પડશે નહિ, અને આ પ્રમાણે જોગવાઈ કરતી કબૂલાતની બાબતમાં એવી કબૂલાતની શરતોને અધીન રહીને લાગુ પડશે, અને

(૨) ગવર્નમેન્ટ સેન્ટ્રલ ડિસ્ટિલરી નાસિક રોડના ઘાડગાંવ ખાતેના તેના ( પર આધારિત બૉન્ડેડ લિકર વેરહાઉસિઝ અને ડિસ્ટિલરીના હંગામી (વાણિજ્ય શાખા) સ્ટાફનો અથવા અકરાની મહાલમાં દેશી દારૂના દુકાનદારીના હંગામી મહેકમના બિન-પેન્શનપાત્ર દરેક સરકારી નોકરને લાગુ પડશે.

(૨) સરકારના જે નોકરને આ નિયમો લાગુ પડતા હોય તે દરેક નોકર ફંડમાં બચતદાર ગણાશે.

(૩) પેટા-નિયમ (૧) ના ખંડ (ક) માં ઉલ્લેખલ આવા કોઈપણ ફંડમાંની સરકારના કોઈપણ નોકરના ખાતે જમા નીકળતી સિલક, આ નિયમો અમલમાં આવે તે તારીખથી ફંડમાં તેના ખાતે તબદીલ કરવામાં આવશે.

(૪) ફંડનો લાભ આપવામાં આવ્યો હોય તેવો જે સરકારી નોકર અગાઉ બીજા કોઈપણ વર્ધિત કે બિન-વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાં બચતદાર હોય તો, યથાપ્રસંગ, બીજા વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાંની તેના ફાળાની અને સરકારી ફાળાની રકમ અથવા બિન-વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાંની તેના ફાળાની રકમ, તે ઉપરના વ્યાજ સહિત ફંડમાં, તેનાં ખાતે તબદીલ કરવામાં આવશે.

(૫) ફંડનો લાભ આપવામાં આવ્યો હોય તેવો સરકારી નોકર, અગાઉ બીજા કોઈ સરકારી વર્ધિત પ્રોવિડન્ટ ફંડ અથવા બિન-વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાં બચતદાર હોય તો યથાપ્રસંગ, વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાંની તેના ફાળાની અને સરકારી ઉમેરા ફાળાની રકમ અથવા બિન-વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાંની તેના ફાળાની રકમ, તે ઉપર વ્યાજ સહિત, બીજી સરકારની સંમતિથી ફંડમાં તેના ખાતે તબદીલ કરવામાં આવશે.

નોંધ:- ૧. નોકરીમાંથી નિવૃત થયા પછી નોકરીમાં તૂટ સાથે અથવા તૂટ વિના ફરીથી નોકરીમાં રખાયેલ વ્યકિતને અથવા જે વ્યકિત અગાઉની નિમણૂક કરારની રૂએ ધરાવતી હોય તેવી વ્યકિતને પેટા-નિયમ (૪) અને (૫) ની જોગવાઇઓ લાગુ પડશે નહિ.

નોંધ ૨.- કેન્દ્ર સરકાર અથવા અન્ય રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારના બીજા વિભાગ હેઠળની નોકરીમાંથી રાજીનામું આપ્યા પછી/ છટણી થયા પછી, આ નિયમોનો લાભ ધરાવતી જગા ઉપર હંગામી અથવા કાયમી ધોરણે તૂટ વિના નિમવામાં આવેલ વ્યકિતઓને આ નિયમની જોગવાઇઓ તેમ છતાં લાગુ પડશે.

નોંધ ૩.:- રાજ્ય સરકાર અથવા બીજી કોઈપણ સરકારની માલિકીની અથવા તેના નિયંત્રણ હેઠળના સંસ્થાપિત મંડળ હેઠળ અથવા મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ નોંધાયેલા કોઈ સ્વાયત્ત સંગઠન હેઠળની નોકરીમાંથી આ નિયમોનો લાભ ધરાવતી જગા ઉપર નોકરીમાં તૂટ વિના બદલી કરવામાં આવી હોય એવી વ્યકિતઓને પણ પેટા-નિયમ (૫) ની જોગવાઇઓ, જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.

* નોંધ ૪:- નિવૃત થયા પછી ફરીથી નોકરીમાં રાખ્યા હોય તેવા સરકારી નોકરને-

(ક) ફરીથી નોકરીમાં રાખવાની મુદત એક વર્ષથી વધુ હોય તોજ સરકારી ફાળા જમા કરીને, અને

(ખ) વખતોવખત સરકારે, આ અર્થે બહાર પાડેલા અન્ય સામાન્ય હુકમોને અધીન રહીને,

નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા ફંડમાં દાખલ કરી શકાશે.

## નિયુકિત

૫. (૧) ફંડમાં જોડાતી વખતે બચતદારે ફંડમાં તેના ખાતે જમા નીકળતી રકમ ચૂકવવા પાત્ર થાય તે પહેલાં, અથવા ચૂકવવાપાત્ર થઈ હોય પણ ચૂકવાઈ ન હોય તે પહેલાં તેનું મૃત્યું થાય તે પ્રસંગે, તે રકમ મેળવવાની એક કે વધુ વ્યકિતઓને હક આપતો નિયુકિતપત્ર હિસાબ અધિકારીને મોકલવો જોઈશે :

પરંતુ નિયુકિત કરતી વખતે બચતદારને કુટુંબ હોય, તો તેના કુટુંબના સભ્યો સિવાયની અન્ય કોઈપણ વ્યકિત અથવા વ્યકિતઓની તરફેણમાં નિયુકિત થઈ શકશે નહિ:

વધુમાં, બીજા જે કોઈ પ્રોવિડન્ટ ફંડમાં બચતદાર ફાળો ભરતો હોય તે કોઈ પ્રોવિડન્ટ ફંડની બાબતમાં બચતદારે તે ફંડમાં જોડાતાં પહેલાં કરેલી નિયુકિત એવા બીજા ફંડમાં તેના ખાતે જમા હોય તે રકમ આ ફંડમાં તેના જમા ખાતે તબદીલ કરવામાં આવી હોય તો, આ નિયમ અનુસાર તે નિયુકિત કરે નહિ ત્યાં સુધી, આ નિયમ હેઠળ વિધિસર થઈ છે એમ ગણાશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ બચતદાર એક કરતાં વધુ વ્યકિતઓની નિયુકિત કરે, તો તેણે કોઈપણ સમયે ફંડમાં તેના ખાતે જમા રહેતી સમગ્ર રકમને આવરી લેવાય એ રીતે, દરેક નિયુકત વ્યકિતને ચૂકવવાની રકમ અથવા હિસ્સો નિયુકિતપત્રમાં નિર્દિષ્ટ કરવો જોઈશે.

(૩) દરેક નિયુકતપત્ર પહેલી અનુસૂચિમાં જણાવેલા નમૂના પૈકી સંજોગો પ્રમાણે ઉચિત હોય તેવા એક નમૂના મુજબ હોવો જોઈશે.

* નાણાં વિભાગના તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૭૧ ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧ પી એફ આર

(૪) બચતદાર હિસાબ અધિકારીને લેખિત નોટિસ મોકલીને કોઈપણ સમયે નિયુકિત રદ કરી શકશે:

પરંતુ બચતદારે આવી નોટિસ સાથે અથવા અલગરીતે આ નિયમની જોગવાઈઓ અનુસાર નવેસરથી નિયુકિતપત્ર મોકલવાનો રહેશે.

(૫) બચતદાર નિયુકિતપત્રમાં નીચે પ્રમાણે જોગવાઈ કરી શકશે:-

(ક) કોઈ ખાસ નિયુકતની બાબતમાં, એવી જોગવાઈ કરી શકશે કે બચતદાર પહેલાં તેનું મૃત્યુ થાય તે પ્રસંગે તે નિયુકત વ્યકિતને મળેલો હક નિયુકિતપત્રમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી વ્યકિત કે વ્યકિતઓને પ્રાપ્ત થશે પરતું બચતદારને તેના કુટુંબના બીજા સભ્યો હોય, તો એવી બીજી વ્યકિત અથવા વ્યકિતઓ એવા બીજા સભ્ય કે સભ્યો તરીકે રહેશે;

(ખ) એવી જોગવાઈ કરી શકશે કે નિયુકિતપત્રમાં નિર્દિષ્ટ કરેલ આકસ્મિક ઘટના બને તે પ્રસંગે નિયુકિત ગેરકાયદેસર ઠરશે. પરતું નિયુકિત કરતી વખતે બચતદારને કુટુંબ ન હોય તો, તેણે નિયુકિતપત્રમાં એવી જોગવાઈ કરવી જોઈશે કે તે પાછળથી કુટુંબવાળો થાય તે પ્રસંગે નિયુકિત ગેરકાયદેસર ઠરશે:

પરંતુ નિયુકિત કરતી વખતે બચતદારના કુટુંબમાં એકજ સભ્ય હોય તો, તેણે નિયુકિતપત્રમાં એવી જોગવાઈ કરવી જોઈશે કે તેના કુટુંબમાં પાછળથી બીજા સભ્ય અથવા સભ્યો પ્રાપ્ત થાય તે પ્રસંગે ખંડ (ક) હેઠળ વૈકલ્પિક નિયુકત વ્યકિતને મળેલો હક ગેરકાયદેસર ઠરશે.

+ [( ૫-ક) બચતદાર, આ નિયમ હેઠળ એકથી વધુ વ્યકિતને નિયુકત કરે ત્યારે, તેણે આવી દરેક વ્યકિતઓને ચૂકવવાનો હિસ્સો નિર્દિષ્ટ કરવો જોઈશે, પરંતુ તે એવી રીતે કે બચતદારના ખાતામાંની સમગ્ર રકમ એવા નિયુકિતપત્રથી ફાળવી શકાય.]

(૬) પેટા-નિયમ (૫) ના ખંડ (ક) હેઠળ નિયુકિતપત્રમાં જેના સબંધમાં ખાસ જોગવાઈ કરવામાં આવી ન હોય તેવી નિયુકત વ્યકિતનું મૃત્યુ થયા પછી અથવા પેટા-નિયમ (૫) ના ખંડ (ખ) અથવા તેના પરંતુક અનુસાર જે ઘટનાને કારણે નિયુકિત ગેરકાયદેસર ઠરે તેવી કોઈ ઘટના બને કે તરતજ બચતદારે હિસાબ અધિકારીને નિયુકિતપત્ર રદ કરતી લેખિત નોટિસ મોકલવી જોઈશે, અને તેની સાથે આ નિયમની જોગવાઈઓ અનુસાર નવેસરથી કરેલો નિયુકિતપત્ર હોવો જાઈશે.

(૭) બચતદારે કરેલી દરેક નિયુકિત અને નિયુકિત રદ કરવા માટે આપેલી દરેક નોટિસ, તે કાયદેસર હોય તેટલે સુધી હિસાબ અધિકારીને તે મળ્યાની તારીખે અમલમાં આવશે.

---

+ નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૪ પી એફ આર-૨૪૭૧ [illegible]

## બચતદારીનાં ખાતાં.

+ [૬. દરેક બચતદારના નામે ખાતું ખોલી, તેમાં નીચે પ્રમાણે દર્શાવવું જોઇએ:-

(૧) પુરાંત;

(૨) બચતદારનો ફાળો;

(૩) નિયમો ૧૦ હેઠળ સરકારે તેના ખાતે આપેલો ઉમેરા ફાળો;

(૪) નિયમ ૧૧ થી જોગવાઇ કર્યા પ્રમાણે ફાળા ઉપરનું વ્યાજ;

(૫) નિયમ ૧૧ થી જોગવાઇ કર્યા પ્રમાણે ઉમેરા-ફાળા ઉપરનું વ્યાજ;

(૬) નિયમ ૧૧-ક થી જોગવાઇ કર્યા પ્રમાણે બોનસ;

(૭) ફંડમાંથી પેશગીઓ અને ઉપાડ:

(૮) સિલક.]

## ફાળાની શરતો અને દર.

૭. (૧) દરેક બચતદાર * [એક મહિનાથી ઓછી ન હોય તેટલી મુદત સુધીની અસાધારણ રજા દરમિયાન અથવા ફરજ મોકૂફીની મુદત દરમિયાન નહિ પણ] ફરજ ઉપર હોય અથવા રાજ્યેતર સેવા પર હોય ત્યારે દર મહિને ફંડમાં ફાળો ભરશે, પરંતુ ફરજ-મોકૂફી હેઠળ વીતેલી મુદત બાદ બચતદારને ફરી નોકરીએ ચડાવવામાં આવતાં, તે મુદત માટે છૂટ આપી શકાય તેવી ચડેલ ફાળાની અધિકતમ રકમ કરતાં વધુન હોય તેવી કોઇ રકમ, એક સાથે અથવા હપ્તાથી ભરવાનો વિકલ્પ તેને આપી શકાશે.

++ [(૨) બચતદાર પોતાની પસંદગી પ્રમાણે અર્ધો પગાર જેટલો અથવા તેનાથી ઓછી રજાનો પગારની અથવા સરેરાશ અર્ધો પગારની રજા દરમિયાન ફાળો નહિ ભરવાનું પસંદ કરી શકશે.]

(૩) બચતદારે પેટા-નિયમ (૨) માં ઉલ્લેખેલી રજા દરમિયાન ફાળો નહિ ભરવાની પોતાની પસંદગીની નીચેની રીતે જાણ કરવી જોઇશે:-

+નાણાં વિભાગ ના તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક ૧૨૪ પીએફ આર-૧૦૮૨-૬૭૩-સીએચ થી આ મજકૂર દાખલ કર્યો છે.

*નાણાં વિભાગ " તારીખ ૨૨ મી ઓકટોબર, ૧૯૭૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૨૦ પ! પી એફ આર-૨૪૭૨-૨૧૩૯-સી એ.થી સુધારવામાં આવી છે.

++ નાણાં વિભાગના તારીખ ૨૧ મી સપ્ટેમ્બર, ૧૯૭૦ ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન ! ૬૩૪! પી એફ આર! ૨૪૬૮-૧૦૯૧-સી એચ થી દાખલ કરવામાં આવી છે.

(ક) તે પોતાનું પગાર-બિલ જાતે આકારતો અધિકારી હોય, તો રજા પર ઉતર્યા પછી આકારેલા તેના પહેલા પગાર બિલમાં ફાળા અંગે કોઈપણ કપાત નહિ કરીને;

(ખ) તે પોતાનું પગાર-બિલ જાતે આકારતો અધિકારી ન હોય, તો પોતે રજા ઉપર ઉતરે તે પહેલાં પોતાની કચેરીના વડાને લેખિત જાણ કરીને.

યોગ્ય રીતે અને સમયસર જાણ કરવામાં આવી ન હોય તો તે ફાળો ભરવાનું પસંદ કરે છે, એમ ગણાશે.

આ પેટા-નિયમ હેઠળ બચતદારે જણાવેલો વિકલ્પ આખરી રહેશે.

(૪) નિયમ ૨૪ હેઠળ ફાળાની રકમ અને તે ઉપરનું વ્યાજ જેણે ઉપાડી લીધાં હોય તેવો બચતદાર, તે ફરજ ઉપર ફરી હાજર થાય તે સિવાય અને ત્યાં સુધી એવા નાણાં ઉપાડ પછી ફંડમાં ફાળો ભરી શકશે નહિ.

૮. (૧) બચતદારે નીચેની શરતોને અધીન રહીને પોતે ફાળાની રકમ નકકી કરવી જોઈશે:-

(ક) તે આખા રૂપિયામાં દર્શાવવી જોઈશે.

(ખ) તે તેના મળતરના ૮$\frac{1}{3}$ ટકા કરતાં ઓછી ન હોય અને મળતર કરતાં વધુ ન હોય તેટલી એવી રીતે દર્શાવેલી કોઈપણ રકમ હોઈ શકશે.

* [ (ગ) આ નિયમ હેઠળ ફાળાની રકમની ગણતરી કરતી વખતે પચાસ પૈસાથી વધારે હોય તેવો રૂપિયાનો કોઈપણ ભાગ પૂરા રૂપિયા તરીકે ગણાશે અને પચાસ પૈસા અથવા પચાસ પૈસાથી ઓછી રકમવાળો આવો ભાગ ધ્યાનમાં લેવો નહિ.]

(૨) પેટા-નિયમ (૧) ના હેતુ માટે બચતદારનું મળતર નીચે પ્રમાણે રહેશે :-

(ક) આગલા વર્ષની ૩૧ મી માર્ચના રોજ સરકારી નોકરીમાં હોય તેવા બચતદારની બાબતમાં તે તારીખે જે મળતર માટે તે હકદાર હોય તે મળતર: પરંતુ:-

(૧) બચતદાર સદરહુ તારીખે રજા પર હોય અને આવી રજા દરમિયાન ફાળો ન ભરવાનું તેણે પસંદ કર્યું હોય અથવા સદરહુ તારીખ તે ફરજ-મોકૂફી હેઠળ હોય, તો તેનું મળતર ફરજ ઉપર ફરી હાજર થયાના પહેલા દિવસે તે જે મળતર મેળવવાને હકદાર હોય તે મળતર જેટલું રહેશે;

(૨) બચતદાર સદરહુ તારીખે ભારત બહાર ડેપ્યુટેશન પર હોય અથવા સદરહુ તારીખે રજા પર હોય અને રજા પર ચાલુ રહે અને આવી રજા દરમિયાન તેણે ફાળો

* નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક/ ૪૪/પી એફ આર/ ૨૪૭૧!૯૬૨ સી એચથી દાખલ કરી છે.

ભરવાનું પસંદ કર્યું હોય, તો તેનું મળતર ભારતમાં તે ફરજ પર હોત તો જે મળતર મેળવવાને હકદાર થયો હોત તે મળતર જેટલું રહેશે;

(૩) બચતદાર સદરહુ તારીખ પછીની કોઈ તારીખે ફંડમાં પ્રથમવાર જોડાયો હોય, તો તેનું મળતર આવી પછીની તારીખે તે જ મળતર મેળવવાને હકદાર હોય તે મળતર જેટલું રહેશે;

¢ (ખ) આગલા વર્ષની ૩૧મી માર્ચના રોજ સરકારી નોકરીમાં ન હોય તેવા બચતદારની બાબતમાં, ફંડમાં તે જોડાયો હોય તે દિવસે તે મેળવવાને હકદાર હોત તે મળતર.

(૩) બચતદારે દર વર્ષે પોતાની માસિક ફાળાની નક્કી કરેલી રકમ અંગે નીચેની રીતે જાણ કરવી, જોઈશે:-

(ક) તે આગલા વર્ષની ૩૧મી માર્ચના રોજ ફરજ પર હોય, તો તે મહિના માટેના તેના પગારબિલમાંથી આ અર્થે તેણે કપાત કરાવીને;

(ખ) તે આગલા વર્ષની ૩૧મી માર્ચના રોજ રજા પર હોય અને તેણે આવી રજા દરમિયાન ફાળો ન ભરવાનું પસંદ કર્યું હોય અથવા તે તારીખે તે ફરજ-મોકૂફી હેઠળ હોય, તો ફરજ પર તે ફરી હાજર થાય તે પછીના પ્રથમ પગાર-બિલમાંથી આ અર્થે તેણે કપાત કરાવીને;

(ગ) વર્ષ દરમિયાન તે પ્રથમવાર સરકારી નોકરીમાં દાખલ થયો હોય અથવા ફંડમાં પ્રથમવાર જોડાય, તો તે જ મહિનામાં તે ફંડમાં જોડાય તે મહિના માટેના તેના પગાર-બિલમાંથી આ અર્થે તેણે કપાત કરાવીને:

(ઘ) આગલા વર્ષની ૩૧મી માર્ચે તે રજા ઉપર હોય અને રજા પર ચાલુ રહે તે દરમિયાન ફાળો ભરવાનુ તેણે પસંદ કર્યું હોય તો તે મહિનાના તેના પગાર-બિલમાંથી આ અર્થે કપાત કરાવીને;

(ચ) આગલા વર્ષની ૩૧મી માર્ચે તે રાજ્યેતર સેવા પર હોય તો ચાલુ વર્ષના એપ્રિલ મહિના માટેના ફાળા તરીકે તિજોરીમાં તેણે રકમ જમા કરાવીને;

(છ) જો તેનું મળતર પેટા-નિયમ (૨) ના પરંતુકમાં જણાવેલા પ્રકારનું હોય, તો મુંબઈ સરકાર આદેશ કરે તે રીતે.

* [ (૪) આ રીતે નિયત કરેલી ફાળાની રકમ -

(ક) વર્ષ દરમિયાન કોઈપણ સમયે એકવાર ઘટાડી શકાશે;

---

¢ નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાક: જીએન-૪૪-પી એફ આર-૨૪૭૧-૯૬૨-સી એચથી સુધારેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૩જી માર્ચ, ૧૯૭૮ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૧૪/પી એફ આર/૧૦૭૭-(ભાગ આઠ) સીએચથી મૂકવામાં આવી છે.

(ખ) વર્ષ દરમિયાન બે વાર વધારી શકાશે; અથવા

(ગ) ઉપર્યુક્ત પ્રમાણે ઘટાડી શકાશે અને વધારી શકાશે:

પરંતુ બચતદાર મહિનાના અમુક ભાગ માટે ફરજ પર હોય અને તે મહિનાના બાકીના ભાગ પૂરતો રજા ઉપર હોય અને તેણે રજા દરમિયાન ફાળો ન ભરવાનું પસંદ કર્યું હોય તો તેણે આપવાના ફાળાની રકમ, મહિનામાં ફરજ ઉપર હોય તેટલા દિવસોની સંખ્યાના પ્રમાણમાં રહેશે.]

૮-ક. બચતદારની રાજ્યેતર સેવામાં બદલી કરવામાં આવે અથવા તેને ભારત બહાર ડેપ્યુટેશન ઉપર મોકલવામાં આવે તો તેની તેવી રીતે બદલી કરવામાં આવી ન હોય અથવા તેને ડેપ્યુટેશન ઉપર મોકલવામાં આવ્યો ન હોય તેમ તેજરીતે તેને ફંડના નિયમો લાગુ પડતા રહેશે.

## ફાળાની વસૂલાત

૯. (૧) ભારતમાંની સરકારી તિજોરીમાંથી મળતર આકારવામાં આવતું હોય ત્યારે, આ મળતર અંગેના ફાળા ની અને પેશગીની મુદ્દલ રકમ તથા વ્યાજની વસૂલાત તે મળતરમાંથી જ કરવી.

(૨) મળતર, બીજા કોઈ પ્રાપ્તિસ્થાનેથી આકારવામાં આવતું હોય ત્યારે, બચતદારે પોતાની પાસે લેણી થતી રકમ દર મહિને હિસાબ અધિકારીને મોકલવી જોઈશે:

પરંતુ સરકારની માલિકી અથવા તેના નિયંત્રણ હેઠળના સંસ્થાપિત મંડળમાં ડેપ્યુટેશન ઉપર હોય એવા બચતદારોની બાબતમાં, આવા સંસ્થાપિત મંડળોએ ફાળો વસૂલ કરી હિસાબ અધિકારીને મોકલવો જોઈશે.

## સરકારનો ઉમેરા-ફાળો (કોન્ટ્રીબ્યુશન)

૧૦. (૧) સરકાર દરેક વર્ષની ૩૧મી માર્ચથી દરેક બચતદારના ખાતામાં ઉમેરા-ફાળો જમા કરશે:

પરંતુ બચતદાર વર્ષ દરમિયાન નોકરી છોડી જાય અથવા મૃત્યુ પામે, તો આગલા વર્ષના અંતે અને એ ઘટના બન્યાની તારીખ વચ્ચેની મુદત માટેનો ઉમેરા-ફાળો તેના ખાતામાં જમા કરવામાં આવશે:

વધુમાં નિયમો હેઠળ બચતદારને જે મુદત માટે ફંડમાં તેનો ફાળો ન ભરવાની પરવાનગી આપવામાં આવી હોય અથવા બચતદાર ફંડમાં પોતાનો ફાળો ન ભરે, તે મુદત માટે ઉમેરા-ફાળો, મળવાપાત્ર થશે નહિ.

(૨) સરકારની આ ઉમેરા-ફાળો, વર્ષે અથવા અમુક સમયગાળા દરમિયાન બચતદારે ફરજ પર આકારેલા મળતરના સરકારે સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા નક્કી કર્યો હોય અથવા સરકાર નક્કી કરે તેટલા ટકાનો રહેશે :

પરંતુ ફાળા પેટે ભરેલી રકમ શરતચૂકથી કે અન્યથા, નિયમ ૮ ના પેટા-નિયમો (૧) અને (૨) હેઠળ બચતદારે ભરવાના થતા ઓછામાં ઓછા ફાળા કરતાં ઓછી હોય અને બચતદાર ફાળાની ઓછી ભરેલી રકમ તેમજ તે ઉપરનું વ્યાજ, જે મંજૂર કરવા માટે નિયમ ૧૨ના ખંડ (ખ) અથવા ખંડ (ગ) હેઠળ ખાસ કારણોસર જરૂરી હોય તેવી પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી નક્કી કરે તે મુદતમાં ભરી દે નહિ, તો સરકારે ભરવાનો ઉમેરા-ફાળો, બચતદારે ખરેખર ભરેલી રકમ અથવા સરકારે સામાન્ય રીતે ભરવાની થતી રકમ, એ બેમાંથી જે ઓછી હોય તે રકમ જેટલો રહેશે, સિવાય કે કોઈ ખાસ કેસમાં સરકાર અન્યથા ફરમાવે,

(૩) બચતદાર ભારત બહાર ડેપ્યુટેશન ઉપર હોય તો તે ભારતમાં ફરજ પર હોય તો તેણે જે આકાર્યું હોત તે મળતર, આ નિયમોના હેતુ માટે ફરજ પર આકારેલું મળતર ગણાશે.

(૪) બચતદાર રજા દરમિયાન ફાળો ભરવાનું પસંદ કરે, તો આ નિયમના હેતુઓ માટે તેનો રજા-પગાર ફરજ પર પ્રાપ્ત કરેલ મળતર ગણાશે.

(૫) બચતદાર ફરજ-મોકૂફીની મુદત અંગેના ફાળાની બાકી રકમ ભરવાનું પસંદ કરે, તો તેને ફરીથી નોકરીમાં ચડાવાતાં તે મુદત માટે તેને આપવામાં આવે તે મળતર અથવા તેનો ભાગ આ નિયમના હેતુ માટે, ફરજ પર આકારેલ મળતર ગણાશે.

(૬) રાજ્યેતર સેવાની મુદત અંગે સરકારે ભરવાના કોઈ ઉમેરા-ફાળાની રકમ, રાજ્યેતર સેવામાં નિમણૂક કરનાર પાસેથી વસૂલ કરવામાં આવી ન હોય તો સરકાર બચતદાર પાસેથી વસૂલ કરી શકશે.

(૭) સરકારે ભરવાના ઉમેરા-ફાળાની રકમ (પચાસ પૈસાને તે પછીના આખા રૂપિયામાં ગણી) નજીકના આખા રૂપિયામાં ગણવામાં આવશે.

+ નોંધ-સરકારે નિર્ણય કર્યો છે કે, તારીખ ૧લી મે, ૧૯૬૦થી, બચતદારના પ્રોવિડન્ટ ફંડમાં સરકારે ભરવાના ઉમેરા-ફાળાનો દર બચતદારના પગારના ૮$\frac{1}{3}$ ટકા (એટલે કે ૧/૧૨ ભાગ) રહેશે. (નાણાં વિભાગના તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક: પી એફ આર-૨૪૬૯-૧૪૮-સી એચ મુજબ).

---

+ નાણાં વિભાગના તારીખ ૧૪ મી મે, ૧૯૭૦ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧-પી એફ આર-૨૪૬૯-૧૪૮/૬૪૨-સીએચ થી મૂકવામાં આવી છે.

## વ્યાજ

૧૧. (૧) જનરલ પ્રોવિડન્ટ ફંડમાં આપેલા ફાળા પર જ વ્યાજ આપવાનું સરકાર વખતોવખત નકકી કરે, તે વ્યાજના દરે, ફંડમાં બચતદારના ખાતે જમા થયેલી રકમ પર વ્યાજ જમા કરવામાં આવશે.

(૨) દર વર્ષની ૩૧મી માર્ચથી, નીચેની રીતે વ્યાજ જમા કરવામાં આવશે:-

(૧) આગલા વર્ષની ૩૧મી માર્ચના રોજ બચતદારના ખાતામાં જે રકમ જમા હોય તેમાંથી ચાલુ વર્ષ દરમિયાન ઉપાડેલી રકમો બાદ કરી બાકીની રકમ ઉપર બાર મહિનાનું વ્યાજ;

(૨) ચાલુ વર્ષ દરમિયાન ઉપાડેલી રકમો ઉપર ચાલુ વર્ષની ૧લી એપ્રિલથી ઉપાડના મહિના પહેલાંના મહિનાના છેલ્લા દિવસ સુધીનું વ્યાજ;

(૩) આગલા વર્ષની ૩૧મી માર્ચ પછી બચતદારના ખાતે જમા થયેલી તમામ રકમો ઉપર રકમ જમા કર્યાની તારીખથી ચાલુ વર્ષની ૩૧મી માર્ચ સુધીનું વ્યાજ;

(૪) વ્યાજની કુલ રકમ નિયમ ૧૦ ના પેટા-નિયમ * (૭) માં જોગવાઈ કરેલી રીતે નજીકના આખા રૂપિયામાં ગણવામાં આવશે, પરંતુ બચતદારના ખાતે જમા નીકળતી રકમ ચૂકવવાપાત્ર થઈ હોય ત્યારે, આ પેટા-નિયમ હેઠળ તે ઉપર, ચાલુ વર્ષની શરૂઆતથી અથવા જમા-તારીખથી બચતદારના ખાતે જમા નીકળતી રકમ, જે તારીખે ચૂકવવાપાત્ર થઈ તે તારીખ સુધીની મુદતનું જ વ્યાજ અપાશે.

(૩) આ નિયમના હેતુ માટે, મળતરમાંથી કરવાની વસૂલાતની બાબતમાં, જે મહિનામાં ફાળો વસૂલ કરવામાં આવે તે મહિનાનો પહેલો દિવસ જમા-તારીખ ગણાશે અને બચતદારે મોકલેલી રકમોની બાબતમાં, તે રકમ જે મહિનાની પાંચમી તારીખ પહેલાં હિસાબ અધિકારીને મળે તે મહિનાનો પહેલો દિવસ જમા-તારીખ ગણાશે અથવા તે રકમ અમુક મહિનાની પાંચમી તારીખે કે તે પછી મળે તો તે પછીના મહિનાનો પહેલો દિવસ જમા-તારીખ ગણાશે:

પરંતુ બચતદારનો પગાર અથવા રજાનો પગાર અને ભથ્થાં આકારવામાં અને પરિણામે ફંડમાં તેનો ફાળો વસૂલ કરવામાં વિલંબ થયો હોય તો, આવા ફાળા પરનું વ્યાજ બચતદારનો પગાર અથવા રજાનો પગાર ખરેખર કયા મહિનામાં આકારવામાં આવ્યો હતો તે બાબતને લક્ષમાં લીધા વિના, નિયમો હેઠળ જે મહિનામાં તે લેણો થયો હોય તે મહિનાથી ચૂકવવાપાત્ર થશે:

વધુમાં નિયમ ૯ ના પેટા-નિયમ (૨) ના પરંતુક અનુસાર મોકલવામાં આવેલી રકમની બાબતમાં તે રકમ હિસાબ અધિકારીને અમુક મહિનાની પંદરમી તારીખ પહેલાં મળી હોય તો તે મહિનાનો પહેલો દિવસ જમા-તારીખ ગણાશે:

* નાણાં વિભાગના તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૭૧ના સરકારી જાહેરનામા ક્રમાંક: પી એફ આર-૨૪૬૯-૩૯૮૩-સી એચથી મૂકેલ છે.

વધુમાં મહિના માટેનું મળતર, તે જ મહિનાના છેલ્લા કામકાજના દિવસે આકારવામાં અને ચૂકવવામાં આવતું હોય ત્યાં તેનાં ફાળાની વસૂલાતની બાબતમાં, તે પછીના મહિનાનો પહેલો દિવસ જમા-તારીખ ગણાશે.

(૪) નિયમ ૨૭ હેઠળ ચૂકવવાની કોઈ રકમ ઉપરાંત જે મહિનામાં ચુકવણી કરવામાં આવી હોય તે મહિનાની અગાઉના મહિનાના અંત સુધીનું અથવા આવી રકમ જે મહિનામાં ચૂકવવાપાત્ર થઈ હોય, તે મહિના પછીના બારમા મહિનાના અંત સુધીનું, આ બે પૈકી ઓછી હોય તે મુદત સુધીનું તેની ઉપરનું વ્યાજ, એ રકમ જેનો ચૂકવવાપાત્ર થતી હોય તે વ્યકિતને ચૂકવવાજોગ થશે:

પરંતુ પોતે રોકડ ચુકવણી કરવા માગતા હોય તે તારીખ તરીકે જે તારીખ હિસાબ અધિકારીએ તે વ્યકિત (અથવા તેના એજન્ટ) ને જણાવી હોય તે તારીખ પછીના, અથવા તે ચેક દ્વારા ચુકવણી કરતા હોય તો જે તારીખે તે વ્યકિતને નામે ચેક ટપાલમાં રવાના કરવામાં આવ્યો હોય તે તારીખ પછીના કાઈપણ ગાળા માટે કશું વ્યાજ ચૂકવવામાં આવશે નહિ.

(૫) બચતદાર હિસાબ અધિકારીને જણાવે કે પોતે વ્યાજ લેવા માગતો નથી તો તેના ખાતે વ્યાજ જમા કરાશે નહિ, પણ પાછળથી તે વ્યાજની માગણી કરે તો તે માગણી કરે તે વર્ષની ૧લી એપ્રિલથી તે જમા કરાશે.

* [(૬) નિયમ ૨૪ હેઠળ, ફંડમાં બચતદારના ખાતે પાછી મૂકવામાં આવી હોય તેવી રકમો ઉપરનું વ્યાજ, આ નિયમના પેટા-નિયમ (૧) હેઠળ, જે રીતે ઉત્તરોત્તર નકકી કરવામાં આવે તે દરે અને બને ત્યાં સુધી, આ નિયમમાં દર્શાવેલ રીતે ગણવામાં આવશે.

¢ (૭)[ બચતદારે ફાળાની રકમ કરતાં વધારે પેશગી અથવા ઉપાડ ફંડમાંથી કર્યો હોવાનું જણાય, તે પ્રસંગે તે ઉપરનું વ્યાજ અને ઉપાડની તારીખે તેને ખાતે જમા હોય તે પ્રોત્સાહન-બોનસ, અથવા નોકરી છોડી જતાં ફંડમાંથી તેણે આખરી ઉપાડ કરેલી રકમ ફંડમાં તેના ખાતે જમા રકમ કરતાં વધારે હોવાનું જણાય તે પ્રસંગે વધારે ઉપાડેલી રકમ, પેટા-નિયમ (૧) હેઠળ નકકી કરેલા દરે, તે ઉપરના વ્યાજ સહિત તેણે ભરપાઈ કરવાની રહેશે, વધારે ઉપાડેલી રકમ ઉપર મેળવેલું વ્યાજ, "૦-૪૯- વ્યાજ આવક-ગ-અન્ય વ્યાજ આવક -અન્ય આવક" એ સદર હેઠળ સરકારના ખાતે જમા કરવામાં આવશે.]

## પ્રોત્સાહન બોનસ યોજના.

+ ૧૧-. ક. (૧) જે બચતદાર નિયમ ૧૨ હેઠળ પેશગી રૂપે અથવા અગાઉનાં ત્રણ વર્ષ દરમિયાન નિયમ ૧૪-ક હેઠળ ઉપાડ રૂપે ફંડમાં તેના ખાતે જમા નીકળતી રકમમાંથી

*નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૪-પી એફ આર-૨૪૭૧-૯૬૨-સી એચથી સુધારેલ છે.

¢ નાણાં વિભાગના તારીખ ૧૬મી માર્ચ, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૩૨ પી એફ આર-૧૦૮૧-૧૦૦ સી એચથી દાખલ કરેલ છે.

+ નાણાં વિભાગના, તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૨૫-પી એફ આર-૧૦૮૨-૬૭૩-સી એચથી દાખલ કરી.

નાણાંની કોઈ રકમ ઉપાડે નહિ તે બચતદાર, તે નાણાકીય વર્ષના છેલ્લા દિવસે તેના ખાતે બાકી રહેલી સમગ્ર સિલક પર એક ટકાના દરે બૉનસ માટે હકદાર રહેશે.

(૨) આવી રીતે ગણેલું બૉનસ બચતદારના ખાતે જમા કરવામાં આવશે અને નિયમ ૧૧ હેઠળ આપેલા વ્યાજ ઉપરાંતનું રહેશે.

(૩) વીમાની પૉલિસીઓનાં નાણાં ભરવા માટે કરેલો ઉપાડ આ નિયમ હેઠળના લાભ માટે બચતદારને અપાત્ર ઠરાવશે નહિ.

(૪) એવી રીતે ગણતરી કરેલું બૉનસ નજીકના આખા રૂપિયામાં ગણવામાં આવશે. (પચાસ પૈસાથી વધારે રકમને, તે પછીના આખા રૂપિયામાં ગણવી).

નોંધ ૧:- બૉનસ, તે વર્ષનું વ્યાજ જમા કર્યા પછી, નાણાકીય વર્ષના છેલ્લા દિવસે હોય તે સિલક પર ગણવામાં આવશે.

નોંધ:-૨ આ નિયમ હેઠળનું બૉનસ, સમગ્ર વર્ષ દરમિયાન બચતદાર નિયમિત રીતે ફંડમાં ફાળો ભરે ત્યારે મળવાપાત્ર થશે સિવાય કે નિયમથી ટૂંકી મુદત માટે ફાળો ભરવાનું હંગામી રીતે મોકૂફ રાખ્યું હોય. દા.ત. રજા દરમિયાન અથવા મોકૂફી હેઠળ હોય તો બચતદારની નોકરીના પહેલા અને છેલ્લા વર્ષના હેતુ માટે, યથાપ્રસંગ, નિમણુંકની તારીખથી વર્ષના અંત સુધીની મુદત અને વર્ષના આરંભની તારીખથી, નોકરી છોડયાની તારીખ સુધીની મુદત આખા વર્ષ તરીકે ગણાશે.

નોંધ ૩:- પ્રૉવિડન્ટ ફંડના ખાતામાંથી નિયમ ૧૨-ક હેઠળ પેશગી ઉપાડવાનું પણ બૉનસ લેવાના હેતુ માટેના ઉપાડ તરીકે ગણવામાં આવશે.

## ફંડમાંથી પેશગી.

૧૨. (૧) પાંચમી અનુસૂચિમાં દર્શાવેલા યોગ્ય સત્તાધિકારીની વિવેકબુદ્ધિ અનુસાર બચતદારને ફંડમાં તેના ખાતે જમા રકમમાંથી નીચેની શરતોએ હંગામી ધોરણે પેશગી આપી શકાશે:-

(ક) અરજદારના આર્થિક સંજોગો આવી પેશગીને વ્યાજબી ઠરાવે છે અને તે બીજી કોઈ રીતે નહિ પણ નીચેના હેતુ અથવા હેતુઓ માટેજ વાપરવામાં આવશે એવી ખાતરી મંજૂરી આપતા સત્તાધિકારીને થાય નહિ તો, પેશગી મંજૂર કરાશે નહિ:-

(૧) અરજદારની અથવા તેના કુટુંબના કોઈ સભ્યની અથવા ¢ [તેની ખરેખર આશ્રિત કોઈ વ્યક્તિની] લાંબી અથવા ગંભીર માંદગી અથવા પથારીવશતાને લગતું (પ્રવાસ ખર્ચ સહિત) ખર્ચ ચૂકવવા માટે;

(૨) આરોગ્ય અથવા શિક્ષણ અર્થે અરજદારની અથવા તેના કુટુંબના કોઈ સભ્યની અથવા + [ તેની ખરેખર આશ્રિત કોઈ વ્યક્તિની] દરિયાપારની મુસાફરીનું ખર્ચ ચૂકવવા માટે;

---

¢ નાણાં વિભાગના, તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન/૨૨૬-પી એફ આર-૨૪૭૦-૪૯૯-સી એચથી દાખલ કરેલ છે.

+ એજનથી દાખલ કરેલ છે.

(૨-ક) અરજદારના અથવા તેના કુટુંબના કોઈ સભ્યના અથવા + [ તેની ખરેખર આશ્રિત કોઈ વ્યકિતના] નીચે મુજબના શિક્ષણ-ખર્ચને પહોંચી વળવા માટે .....

(ક) ભારત બહાર હાઈસ્કુલ પછીની કક્ષાના શૈક્ષણિક, ટેકનિકલ, ધંધાદારી અથવા વ્યવસાયિક અભ્યાસક્રમના, અથવા

(ખ) ભારતમાં હાઈસ્કુલ પછીની કક્ષાના કોલેજના અભ્યાસક્રમના અથવા તબીબી, ઈજનેરી અથવા બીજા ટેકનિકલ કે * ( છઠ્ઠી અનુસૂચિમાં નિર્દિષ્ટ) તદવિદ્ અભ્યાસક્રમના, પરંતુ આવો અભ્યાસક્રમ ત્રણ વર્ષથી ઓછી મુદતનો હોવો જોઈએ નહિ:

¢ [ પરંતુ શિક્ષણને લગતા હેતુ માટે બાબત (૨) અથવા (૨ક) હેઠળની પેશગી, શૈક્ષણિક મુદત અથવા અર્ધ સત્રમાં એક વખત મંજૂર કરી શકાશે.]

+ + [(૩)બચતદારને લગ્ન, મરણોત્તર ક્રિયા અથવા વિધિઓ અંગે રૂઢિગત રિવાજો અનુસાર તેના મોભાને અનુરૂપ ધોરણે કરવાં પડતાં ફરજિયાત ખર્ચ ચૂકવવા માટે,]

(૪) પોતાની સરકારી ફરજ બજાવતાં પોતે કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય અંગે પોતાની સામે કરવામાં આવેલા કોઈપણ આક્ષેપોની બાબતમાં, પોતાની સ્થિતિ વ્યાજબી ઠરાવવા બચતદારે કરેલી કાનૂની કાર્યવાહીના ખર્ચને પહોંચી વળવા આ કેસમાં મળતી પેશગી એ જ હેતુ માટે બીજા કોઈ સરકારી સાધનમાંથી મળી શકતી પેશગી ઉપરાંત મળે:

પરંતુ બચતદાર તેની સરકારી ફરજ સાથે સંબંધ ન ધરાવતી કોઈ બાબત અંગે અથવા નોકરીની કોઈ શરત અથવા તેને કરવામાં આવેલી કોઈ શિક્ષા અંગે સરકાર વિરુદ્ધ કોઈ કોર્ટમાં કાનૂની કાર્યવાહી દાખલ કરે તો તેને આ પેટા-ખંડ હેઠળ પેશગી મળી શકશે નહિ.

(૫) સરકારી ફરજ સંબંધમાં કહેવાતી તેની કોઈ ગેરવર્તણૂક અંગે કોઈ કોર્ટમાં સરકારે બચતદાર પર ફરિયાદ માંડી હોય તેવા પ્રસંગે અથવા તપાસ દરમિયાન પોતાના બચાવ માટે બચતદાર વકીલ રોકે તેવા પ્રસંગે તેના બચાવના ખર્ચને પહોંચી વળવા માટે,

---

¢ નાણાં વિભાગના, તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન! ૨૨૬-પી એફ આર-૨૪૭૦-૪૯૯-સી એચથી દાખલ કરેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૭૦ના સરકારી જાહેરનામા ક્રમાંમ: ૬૩૦-પી એફ આર-૨૪૬૯-૨૮૭૪- સી એચથી, દાખલ કરેલ છે.

¢ નાણાં વિભાગના તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૭૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૫-પી એફ આર-૧૦૭૪-૨૦૩-સી એચથી દાખલ કરેલ છે.

++ નાણાં વિભાગના તારીખ ૨જી માર્ચ, ૧૯૭૧ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૩-પી એફ આર--૨૪૭૦-૧૯૯૭-સી એચથી ઉમેરેલ છે.

કુકમાંથી પેન્શન ઉપાડીનાં કારણો

¢ [ (૬) હજયાત્રાના ખર્ચને પહોંચી વળવા માટે ].

(ખ) ખાસ કારણોસર હોય તે સિવાય, પેશગી, ત્રણ મહિનાના પગાર કરતાં વધવી જોઈશે નહિ અને ફંડમાં બચતદારના ખાતે જમા રહેલી ફાળા તથા તે પરના વ્યાજની રકમ કરતાં તે કોઈપણ સંજોગોમાં વધવી જોઈશે નહિ.

* નોંધ કમી કરેલ છે.

(ગ) ખાસ કારણોસર હોય તે સિવાય, અગાઉની બધી પેશગીઓની આખરી ભરપાઈ થઈ જાય તે પછી ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી પેશગી અપાશે નહિ, સિવાય કે અગાઉ અપાઈ ચૂકેલી રકમ ખંડ (ખ) હેઠળ મળવાપાત્ર રકમના બે તૃતિયયાંશ ભાગથી વધતી ન હોય.

(ગગ) ખંડ (ખ) અને (ગ) માં ગમે તે મજકૂર હોય તે છતાં, ખંડ (ક) ના પેટા-ખંડ (૪) કે (૫) માં, દર્શાવેલા હેતુઓ માટે મંજૂર કરવાની પેશગી ત્રણ મહિનાના પગાર અથવા રૂા. ૫૦૦!- એ બેમાંથી જે વધારે હોય તે કરતાં વધવી જોઈશે નહિ અને ફંડમાં બચતદારના ખાતે જમા હોય તે ફાળા અને તે ઉપરના વ્યાજની રકમ કરતાં તો તે કોઈપણ સંજોગોમાં વધવી જોઈશે નહિ.

(ઘ) મંજૂર કરનાર સત્તાધિકારીએ પેશગી આપવા માટેનાં પોતાના કારણોની લેખિત નોંધ રાખવી.

** [ (૨) અગાઉની કોઈપણ પેશગીનો છેલ્લો હપ્તો, પૂરેપૂરી ભરપાઈ કરવામાં આવે તે પહેલાં, પેટા-નિયમ (૧) ના ખંડ (ગ) હેઠળ પેશગી મંજૂર કરવામાં આવે ત્યારે કોઈપણ અગાઉની પેશગીની વસૂલ ન કરેલી સિલક, આવી રીતે મંજૂર કરેલ પેશગીમાં ઉમેરવી જોઈશે અને વસૂલાત માટેના હપ્તા, બાકી રહેલી પેશગીની એકત્રિત રકમના સંદર્ભમાં ફરીથી નક્કી કરવા જોઈશે.]

** [ ૧૨ક.(ક) આ નિયમોમાં ગમે તે કોઈપણ મજકૂર હોય તે છતાં, બચતદારને ખાદ્યતેલ, ખાંડ વગેરે જેવી વપરાશની વસતુઓ ખરીદવા માટે, ફંડમાં તેના ખાતે જમા હોય તેવી રકમમાંથી કામચલાઉ પેશગી મંજૂરી કરી શકાશે, પરંતુ આવી પેશગી .....

(૧) ચોથા વર્ગ સિવાયના અન્ય સરકારી કર્મચારીના સંબંધમાં, એક મહિનાના મૂળ પગારથી અથવા રૂા. ૪૫૦ !-એ બે માંથી જે ઓછું હોય તેનાથી વધવી જોઈએ નહિ, અને (૨) ચોથાવર્ગના સરકારી કર્મચારીની બાબતમાં રૂા. ૪૮૦ !- થી વધારે હોવી ન જોઈએ. (૩) આ પેશગી આવી પેશગી માટે અરજી કરવામાં આવે ત્યારે, તે સમયે બચતદારના ફંડ ખાતેની સિલકના ૫૦ ટકા સુધી મર્યાદિત રહેશે.

---

¢ નાણાં વિભાગના તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૭૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૬-પી એફ આર-૧૯૭૫-૩૦૦૬-સીએચથી દાખલ કરેલ છે.

* નાણાં વિભાગના, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૪-પી એફ આર-૨૪૭૧-૯૬૨-સી એચથી કમી કરેલ છે.

** નાણાં વિભાગના તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૭૨૫-પી એફ આર/ ૧૦૮૨/ ૬૭૩-એચ થી દાખલ કરેલ છે.

(ખ) ફંડમાંથી આ પેશગી વ્યાજ મુક્ત રહેશે અને ચોથા વર્ગના સરકારી કર્મચારીના સંબંધમાં બાર માસિક હપ્તાઓમાં પેશગી ફરી ભરવાપાત્ર હોય તે સિવાય દસ માસિક હપ્તાઓમાં ફરી ભરવાપાત્ર થશે.]

૧૩. કમી કરી.

૧૪. (૧) મંજૂર કરતા સત્તાધિકારી ફરમાવે તેવા સરખા માસિક હપ્તાઓથી બચતદાર પાસેથી પેશગી વસૂલ કરવામાં આવશે. પણ બચતદાર તેમ ઈચ્છે તે સિવાય આવા હપ્તાની સંખ્યા બાર કરતાં ઓછી હોવી જોઈશે નહિ, તેમજ ચોવીસ કરતાં વધારે હોવી જોઈશે નહિ. પેશગીની રકમ નિયમ ૧૨ના ખંડ (ખ) હેઠળ બચતદારના ત્રણ માસના પગાર કરતાં વધારે હોય તેવા ખાસ કેસોમાં મંજૂર કરતા સત્તાધિકારી આવા હપ્તાની સંખ્યા ચોવીસ કરતાં વધારે પરંતુ કોઈપણ સંજોગોમાં છત્રીસ કરતાં વધારે ન હોય એ રીતે નકકી કરી શકશે. બચતદાર તેની ઈચ્છાનુસાર, હપ્તાની ઠરાવેલી સંખ્યા કરતાં ઓછા હપ્તાથી ભરપાઈ કરી શકશે. દરેક હપ્તો આખા રૂપિયાની સંખ્યામાં હશે અને આવો હપ્તો નકકી કરવા માટે, જરૂર પડેતો પેશગીની રકમ વધારી કે ઘટાડી શકાશે.

(૨) ફાળાની વસૂલાત અંગે નિયમ ૯માં દર્શાવેલી રીતે વસૂલાત કરવામાં આવશે અને જે મહિનામાં પેશગી લીધી હોય તે મહિના પછીના મહિનાના પગારની ચુકવણીથી વસૂલાત શરૂ કરવામાં આવશે. બચતદાર રજા * [યથાપ્રસંગ જેનો કોઈપણ રજા પગાર લીધો ન હોય અથવા અડધા પગાર જેટલો અથવા તેથી ઓછો રજા પગાર લીધો હોય અથવા અર્ધા સરેરાશ પગારે રજા] પર હોય અથવા નિર્વાહગ્રાન્ટ મેળવતો હોય ત્યારે તેની સંમતિથી હોય તે સિવાય, વસૂલાત કરી શકાશે નહિ અને મંજૂર કરતા સત્તાધિકારી બચતદારને આપવામાં આવેલ પગારની પેશગીની વસૂલાત દરમિયાન વસૂલાત મુલતવી રાખી શકશે.

+ (૩) અને (૪) કમી કરેલ છે.

(૫) બચતદારને પેશગી મંજૂર કરવામાં આવતાં તેણે તે રકમ ઉપાડી લીધી હોય અને પાછળથી તેને ભરપાઈ પૂરી થાય તે પહેલાં તે ના મંજૂર કરવામાં આવે તો ઉપાડેલી આખી કે તે પૈકી બાકી રહેતી રકમ ( + ) બચતદારે તરતજ ફંડમાં ભરપાઈ કરી દેવી પડશે, અથવા એમ કરવામાં કસૂર થતાં, જે મંજૂર કરવા માટે નિયમ ૧૨ના ખંડ (ખ) અથવા (ગ) હેઠળ ખાસ કારણો જરૂરી હોય તેવી પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી ફરમાવે તે પ્રમાણે હિસાબ અધિકારી, બચતદારના મળતરમાંથી એક સામટી કપાત દ્વારા અથવા બારથી વધુ નહિ તેવા માસિક હપ્તાઓથી તે વસૂલ કરવાના હુકમ કરશે;

(૬) આ નિયમ હેઠળ કરવામાં આવતી વસૂલાતો, તે થતી જાય તેમ ફંડમાં બચતદારના ખાતે જમા કરવામાં આવશે.

---

* નાણાં વિભાગના તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૦ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન! ૬૭૪! પી એફ આર! ૨૪૬૮! ૧૦૯૧! સીએચથીમૂકેલ છે.

+ નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન! ૪૪! પી એફ આર! ૨૪૭૧! ૯૬૨ ! સીએચથીકમી કરેલ છે.

## ફંડમાંથી આખરી ઉપાડ

૧૪ ક (૧) નિયમ ૧૨ ના ખંડ (ખ) અને (ગ) હેઠળ ખાસ કારણોસર પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારીઓ આ નિયમ અને નિયમો ૧૪-ખ અને ૧૪-ગ માં દર્શાવેલી શરતોને અધીન રહીને, [ + ] આખરી ઉપાડ મંજૂર કરી શકશે.

(૨) બચતદારની ( નોકરીના તૂટક ગાળા હોય તો તે સહિત) નોકરીનાં પંદર વર્ષ પૂરાં થયા પછી અથવા તેની વય-નિવૃત્તિની તારીખ પહેલાંના દસ વર્ષની અંદર, એ બમાંથી જે વહેલું હોય તે વખતે ** [ ફંડમાં તેને ખાતે જમા હોય તેવી ફાળાની એકંદર રકમ અને વ્યાજ] માંથી નીચેના એક અથવા વધુ હેતુઓ માટે આખરી ઉપાડ કરી શકાશે એટલે કે :--

(ક) નીચેના કેસોમાં બચતદારના ખરેખર આશ્રિત એવા કોઈપણ બાળકના જરૂરી હોય ત્યાં પ્રવાસ-ખર્ચ સહિત, ઉચ્ચ શિક્ષણ અંગેના ખર્ચને પહોંચી વળવા માટે, એટલે કે :-

(૧) ભારત બહાર હાઈસ્કૂલ પછીની કક્ષાના શૈક્ષણિક, ટેકનિકલ, ધંધાદારી અથવા વ્યાવસાયિક અભ્યાસક્રમ અંગેના શિક્ષણ માટે; અને

(૨) ભારતમાં હાઈસ્કૂલ પછીની કક્ષાના કોઈપણ તબીબી, ઈજનેરી અથવા બીજા ટેકનિકલ અથવા * [છઠ્ઠી અનુસૂચિમાં નિર્દિષ્ટ] તદવિદ અભ્યાસક્રમ માટે -પરંતુ આવો અભ્યાસક્રમ ત્રણ વર્ષથી ઓછી મુદતનો હોવો જોઈએ નહિ,

¢ (ખ) બચતદારના પુત્રો અથવા પુત્રીઓ અને તેની ખરેખર આશ્રિત સગી હોય તેવી કોઈપણ અન્ય સ્ત્રીના વિવાહ/લગ્નના ખર્ચને પહોંચી વળવા માટે;

(ગ) બચતદારની કે તેની ખરેખર આશ્રિત હોય તેવી બીજી કોઈપણ વ્યકિતની માંદગી અંગેના જરૂરી હોય ત્યાં પ્રવાસ ખર્ચ સહિતના ખર્ચને પહોંચી વળવા માટે;

(ઘ) જમીનની કિંમત સહિત તેના રહેઠાણ માટેનું યોગ્ય મકાન બાંધવા કે પ્રાપ્ત કરવા માટે, અથવા ઉપાડ માટેની અરજી મળયાની તારીખ પહેલાં, પરંતુ તે તારીખથી બાર મહિનાથી અગાઉ નહિ એ રીતે ખાસ આજ હેતુ માટે લીધેલી લોન પેટે બાકી નીકળતી કોઈ રકમ ભરપાઈ કરવા માટે, અથવા બચતદારની માલિકીના બની ચૂકેલા કે તેણે પ્રાપ્ત કરી લીધેલા મકાનનું ફરીથી બાંધકામ કરવા કે તેમાં સુધારા વધારા કરવા માટે;

---

+ નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાક: જીએન-૪૪!પી એફ આર-૨૪૭૧! ૯૬૨! સી એચથી કમી કરેલ છે.

** નાણાં વિભાગના તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૭૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૩૦-પી એફ આર-૨૪૩૩/૩૭ (૭૫) સી એચથી મૂકેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૭૦ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન ૬૮૦! પી એફ! ૨૪૬૯! ૨૮૭૯ ! સી એચથી મૂકેલ છે.

¢ નાણાં વિભાગના તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૮૦ના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીએન ૩૨) પીએફઆર-૧૦૭૯-૪૬૬-સી એચથી મૂકેલ છે.

(ચ) મકાન માટે જમીન ખરીદવા અથવા ઉપાડ માટેની અરજી મળ્યાની તારીખ પહેલાં પરંતુ તે તારીખથી બાર મહિનાથી અગાઉ નહિ એ રીતે ખાસ આજ હેતુ માટે લીધેલી લોન પર બાકી નીકળતી કોઈ રકમ ભરપાઈ કરવા માટે ;

(છ) ખંડ (ચ) હેઠળ ઉપાડેલી રકમથી ખરીદેલી જગા પર મકાન બાંધવા માટે;

+ [ (જ)ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ અથવા સહકારી ગૃહનિર્માણ મંડળી દ્વારા ભાડા ખરીદી ધોરણે અથવા અન્યથા રહેવાનું મકાન અથવા ફ્લેટ લેવા માટે :

પરંતુ ખંડ (જ) માં નિર્દિષ્ટ હેતુ માટે ઉપાડેલી રકમ, નિયમ ૧૪ખને અધીન રહીને, કોઈપણ કેસમાં, ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અથવા સહકારી ગૃહનિર્માણ મંડળીને આપવાપાત્ર પ્રારંભિક હપ્તાની ખરેખર રકમથી વધવી જોઈએ નહિ અને ઉપાડેલી પૂરેપૂરી રકમની કરેલી આવી ચુકવણીના સંબંધમાં કાયદેસરની પહોંચ, રકમ ઉપાડયાના મહિનાની અંદર રજૂ કરવી જોઈશે.]

¢ [ (૨ક) નિયમ ૧૪ કના પેટા-નિયમ (૨) ના ખંડ (ક) હેઠળ બચતદારને મંજૂર કરેલ ઉપાડની રકમ મંજૂરીની તારીખથી ગણેલા બાર અંગ્રેજી મહિનાની મુદતમાં, ચારથી વધારે ન હોય તેટલા હપ્તામાં, ઉપાડી શકાશે.]

¢ (૨-ખ) જમીન અથવા મકાન ખરીદવા અથવા મકાન બાંધતી સહકારી મંડળી અથવા તેવી એજન્સી મારફત, મકાન બંધાવવા માટે, બચતદારે આપવાના હપ્તાના કેસમાં તેને જ્યારે અને જ્યાં કોઈપણ હપ્તાની ચુકવણી કરવાનું કહેવામાં આવે ત્યારે રકમનો ઉપાડ કરવાની પરવાનગી આપવી જોઈશે, આ પેટા-નિયમ હેઠળની રકમના ઉપાડને,નિયમ ૧૪-ખના પેટા-નિયમ (૧) ના હેતુ માટે કોઈપણ એક સમયે ઉપાડેલી રકમ તરીકે ગણવામાં આવશે.

(૩) મકાન બાંધવાના હેતુ માટે પેશગી આપવા અંગેની બાંધકામ, ગૃહનિર્માણ અને પુરવઠા મંત્રાલયની યોજના હેઠળ જે બચતદારે પોતે પેશગી મેળવી હોય અથવા જેને આ અંગે બીજા કોઈપણ સરકારી સાધનમાંથી કોઈ સહાય લેવા દેવામાં આવી હોય તેવો બચતદાર, * પેટા-નિયમ (૨) ના પેટા-ખંડ (ઘ), (ચ), (છ) અથવા(જ) હેઠળ તેમાં દર્શાવેલા હેતુઓ માટે તેમજ ઉપર્યુક્ત યોજના હેઠળ લીધેલી કોઈ લોન ભરપાઈ કરવાના હેતુ માટે, નિયમ ૧૪-ખના પેટા-નિયમ (૧) ના પરંતુકમાં દર્શાવેલી મર્યાદાને અધીન રહીને આખરી ઉપાડની મંજૂરીને પાત્ર ગણાશે.

---

+ નાણાં વિભાગનું, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-પી-એફ આર-૨૪૭૧-૨૩૮૨-૩૩ (૭૪) સી એચથી દાખલ કરેલ છે.

¢ નાણાં વિભાગના તારીખ ૨૭ સપ્ટેમ્બર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૧૧૨/પીએફઆર-૧૦૮૨-જી ઓઆઇ/ ૧/સી એચથી મૂકેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૨૩મી એપ્રિલ, ૧૯૬૮ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૪૩૯-પી એફ આર-૨૪૬૮-૮૩૩ સીએચ અને નાણાં વિભાગના તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૭૪ ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૨૩૫! પી એફ આર/ ૨૪૭૧/ ૨૭૮૨-૩૩ (૭૪) સીએચથી મૂકેલ છે.

** નોંધ ૧: - નિયમ ૧૪-ક ના પેટા-નિયમ (૨) ના ખંડો (ઘ), (ચ), અને (છ) હેઠળ મકાન બાંધવાના હેતુ માટેનો ઉપાડ, એ શરતને અધીન રહેશે કે, બચતદારની પોતાની અથવા બચતદારના પતિ કે પત્નીની અથવા તેના સગીર બાળકની માલિકીનું મકાન હોવું જોઈએ નહિ, પરંતુ નીચે પ્રમાણે હોય તો સરકાર શરત હળવી કરી શકશે:-

(૧) બચતદાર અથવા બચતદારના પતિ કે પત્ની અથવા સગીર બાળકની માલિકીનું ગામમાં મકાન હોય અને બચતદાર શહેરમાં રહેવા ઈચ્છતો હોય તો, અથવા

(૨) બચતદારનું અન્ય સગાંઓ સાથે સંયુકત મકાન હોય પણ તે ખરેખર જાતે રહેવા માટે પોતાનું અલગ મકાન બાંધવા ઈચ્છતો હોય, તો; અથવા

(૩) કોઈપણ અન્ય અસાધારણ સંજોગોમાં,

નોંધ: -૨- નોંધ ૧ ના ખંડો (૧) અને (૨) માં જણાવેલ મકાન ફરી બાંધવા અથવા તેમાં સુધારા વધારા કરવાના હેતુ માટેનો આખરી ઉપાડ, નોંધ ૧ હેઠળ ઉપાડ જેને કરવા દીધો હતો તેવા બચતદારને, કરવા દેવામાં આવશે નહિ.

નોંધ ૩:- જે બચતદારને નિયમ ૧૪-કના પેટા-નિયમ (૨) ના ખંડ (ઘ) હેઠળ આખરી ઉપાડ મંજૂર કર્યો હોય તે બચતદારની લેખિત વિનંતીથી, યોગ્ય સત્તાધિકારી, હપ્તાઓની સંખ્યા અને રકમ નકકી કરશે ].

(૩ક) પેટા-નિયમ (૨) માં ગમે તે કોઈપણ મજકૂર હોય તે છતાં, બચતદારને તેની નિવૃત્તિની તારીખ પહેલાં છ મહિનાની અંદર ખેતીની જમીન અથવા ધંધાની જગા લેવા માટે ફંડમાં તેના ખાતે બાકી જમા રકમમાંથી, આખરી ઉપાડની પરવાનગી આપી શકાશે.

¢ [ (૪) બચતદાર પાછલા ગાળાના પુરાવા સાથે, વર્ધિત પ્રોવિડન્ટ ફંડ હિસાબના છેલ્લા પ્રાપ્ય પત્રકના સંદર્ભમાં, વર્ધિત પ્રોવિડન્ટ ફંડ હિસાબ ખાતે તેની જમા રહેલી રકમ અંગે મંજૂર કરતા સત્તાધિકારીને ખાતરી કરાવે ત્યારે, મંજૂર કરતા સત્તાધિકારી જાતે રિફંડપાત્ર પેશગીના કેસમાં, ઠરાવેલી મર્યાદાની અંદર આખરી ઉપાડ મંજૂર કરી શકશે. આમ કરવામાં, મંજૂર કરતા સત્તાધિકારીએ બચતદારને પક્ષે તેણે ખરેખર મંજૂર કરેલ કોઈપણ આખરી ઉપાડ અથવા રિફંડપાત્ર પેશગી, ધ્યાનમાં લેવી જોઈશે. તેમ છતાં બચતદાર, તેના ખાતે જમા રકમ અંગે મંજૂર કરતા સત્તાધિકારીને ખાતરી કરાવી ન શકે અથવા અરજી કરેલ આખરી ઉપાડની પ્રાપ્યતા અંગે કંઈપણ શંકા હોય તો મંજૂર કરતા સત્તાધિકારી આખરી ઉપાડની રકમની પ્રાપ્યતા નકકી કરી શકે તે દૃષ્ટિએ બચતદારના ખાતે જમા રકમ નિશ્ચિત કરવા માટે મંજૂર કરતા સત્તાધિકારીએ, હિસાબ અધિકારીને,લખી જણાવવું જોઈશે. આખરી ઉપાડ માટેની મંજૂરીમાં વર્ધિત પ્રોવિડન્ટ ફંડ હિસાબ નંબર, તરત નજરે પડે તે રીતે દર્શાવવો જોઈશે, અને હિસાબ અધિકારીએ હિસાબ જાળવવો અને આખરી ઉપાડ માટેની મંજૂરીની નકલ,

* * નાણાં વિભાગના તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન/આર ૧૪૬/પીએફ આર/૧૦૮૨/૧૧૮૬સી એચથી દાખલ કરેલ છે.

¢ નાણા વિભાગના તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૭૩ના સરકારી જાહેરનામાં ક્રમાંક ૧૯૧-પી એફઆર-૨૪૭૨-૪૯-(જીઓઆઈ.)-સી એચથી દાખલ કરેલ છે.

તે હિસાબ અધિકારીને એકસરખી રીતે મોકલવી જોઈશે. મંજૂર કરતા સત્તાધિકારી એમ સુનિશ્ચિત કરવા જવાબદાર રહેશે કે બચતદારના હિસાબના લેજરમાં, આખરી ઉપાડની મંજૂરીની નોંધ કરવામાં આવી છે એવી હિસાબ અધિકારી તરફથી પહોંચ મળી છે. જે કેસમાં હિસાબ અધિકારી રિપોર્ટ કરે કે મંજૂર કરેલ આખરી ઉપાડ બચતદારના ખાતે જમા રકમથી વધારે છે અથવા બચતદારે ઉપાડેલી રકમ અન્યથા મળવાપાત્ર નથી તો, (નિયમ ૧૧ હેઠળ નક્કી કરેલા દરે, તે પરના વ્યાજ સાથે) એક સામટી રકમ તરતજ બચતદારે ફંડમાં ભરી દેવી જોઈશે અને આવી રીતે ફરી ભરવામાં ચૂક થયેથી, તેના મળતરમાંથી એકસામટી રકમ વસૂલ કરવાનો અથવા સરકારે નક્કી કરેલા માસિક હપ્તાઓની સંખ્યા પ્રમાણે, વસૂલ કરવાનો, મંજૂર કરતા સત્તાધિકારીએ હુકમ કરવો જોઈશે.]

@ [ (૫) ઉપાડ મંજૂર કર્યા, પછી જે કેસમાં, નિયમ ૨૭ના પેટા-નિયમ (૩) હેઠળ, હિસાબ અધિકારીને આખરી ચુકવણી માટેની અરજી મોકલવામાં આવી હોય તે કેસમાં, હિસાબ અધિકારીના અધિકારપત્રથી રકમ ઉપાડવી જોઈશે.]

* ૧૪ ખ. (૧) સામાન્ય રીતે બચતદાર, નિયમ ૧૪-ક માં દર્શાવેલા એક કે વધુ હેતુઓ માટે ફંડમાં તેના ખાતે જમા રહેલી ફાળાની રકમ અને તે પરના વ્યાજમાંથી, વધુમાં વધુ તે રકમ પૈકી અડધી રકમ અથવા છ મહિનાના પગાર જેટલી રકમ, એ બેમાંથી ઓછી હોય તેટલી રકમ એકી વખતે ઉપાડી શકશે. તેમ છતાં, મંજૂર કરતા સત્તાધિકારી (૧) થઈ રહેલા ઉપાડનો હેતુ (૨) બચતદારનો દરજ્જો, અને (૩) ફંડમાં તેના ખાતે જમા રહેલી ફાળાની એંકદર રકમ અને તે પરનું વ્યાજ લક્ષમાં લઈને, ઉકત મર્યાદા કરતાં વધુ પણ ફંડમાં તેના ખાતે જમા રહેલી ફાળાની એંકદર રકમ અને તે પરના વ્યાજના ૩/૪ ભાગ સુધીની રકમ ઉપાડવાની મંજૂરી આપી શકશે:

પરંતુ જેણે મકાન બાંધવાના હેતુ માટે પેશગી આપવા અંગેની બાંધકામ, ગૃહનિર્માણ અને પુરવઠા મંત્રાલયની યોજના હેઠળ પેશગી મેળવી હોય અથવા જેને આ અંગે બીજા કોઈપણ સરકારી સાધનમાંથી કોઈ સહાય લેવાદેવામાં આવી હોય તેવા બચતદારના કેસમાં, ¢[નિયમ ૧૪-કના પેટા-નિયમ (૩) માં ઉલ્લેખેલી યોજના હેઠળ લીધેલી કોઈપણ લોનની

@ નાણાં વિભાગના, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૪૭-પીએફઆર-૧૦૮૨-૧૧૮૬-સીએચથી દાખલ કરેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૭૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૩૦-જીપીએફ-૨૪૭૩-૬૮૮-૨૭૦-(૭૫) સી એચથી મૂકેલ છે.

¢ નાણાં વિભાગના તારીખ ૩જી જૂન, ૧૯૭૧ના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએન-૪૧-પીએફઆર-૨૪૬૯-૩૩૪૬-સીએચથી દાખલ કરેલ છે.

ફેરચુકવણી માટેના હોય તે સિવાયના અન્ય કોઈપણ હેતુ માટે] આ પેટા-નિયમ હેઠળ ઉપાડેલી રકમ, તેમજ સદરહુ યોજના હેઠળ લીધેલી પેશગીની રકમ અથવા બીજા કોઈપણ સરકારી સાધનમાંથી લઘેલી સહાય ** [ રૂ. ૧૫,૦૦૦ અથવા ૭૫ મહિનાના પગાર, એ બેમાંથી ઓછી હોય તેટલી રકમ કરતાં વધવી જોઈએ નહિ.]

(૨) નિયમ ૧૪-ક હેઠળ ફંડમાંથી નાણાં ઉપાડવાની જેને છૂટ આપવામાં આવી હોય તેવા બચતદારે, મંજૂર કરતા સત્તાધિકારીને જે હેતુ માટે નાણાં ઉપાડવામાં આવ્યાં હતાં, તે હેતુ માટેજ તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેવી ખાતરી, તે અધિકારી જણાવે તેવી વાજબી મુદતમાં કરાવવાની રહેશે અને બચતદાર આમ કરવામાં નિષ્ફળ જશે તો તેણે આ રીતે ઉપાડેલી સઘળી રકમ અથવા તે ઉપાડવામાં આવી હોય તે હેતુ માટે તે પૈકી જેનો ઉપયોગ કરવામાં આવ્યો ન હોય તે રકમ [ + ] એક સામટી ફંડમાં ભરપાઈ કરવાની રહેશે, અને આમ ભરપાઈ કરવામાં કસૂર થશે, તો મંજૂર કરતા સત્તાધિકારી આ રીતે ભરપાઈ નહિ કરેલી રકમ, તેના મળતરમાંથી એક સામટી અથવા સરકાર નિયત કરે તેવા માસિક, હપ્તાઓથી વસૂલ કરવાનો હુકમ આપી શકશે.

* (૩) (ક) નિયમ ૧૪-કના પેટા-નિયમ (૨)ના ખંડો (ઘ), (ચ) અથવા (છ) હેઠળ જે બચતદારને, ફંડમાં તેના ખાતે જમા રહેલી ફાળાની રકમ પરના વ્યાજ સહિત, તે રકમમાંથી નાણાં ઉપાડવાની છૂટ આપવામાં આવી હોય તે બચતદારે બાંધેલા અથવા પ્રાપ્ત કરેલા અથવા આવી રીતે ઉપાડેલાં નાણાંમાંથી ખરીદેલ મકાનની જમીનનો કબજો, વેચાણ, (ગુજરાતના રાજ્યપાલને ગીરો મૂકેલ હોય તે સિવાયનો અન્ય) ગીરો, બક્ષિસ, વિનિમય અથવા અન્યથા હોય તો પણ ગુજરાતના રાજ્યપાલની અગાઉથી પરવાનગી વિના છોડી શકશે નહિ:

પરંતુ આવી પરવાનગી-

(૧) ત્રણ વર્ષથી વધુ ન હોય તેવી કોઈ મુદત માટે મકાન અથવા મકાનની જગા પટે આપવા માટે, અથવા

(૨) જે નવા મકાનના બાંધકામ માટે અથવા વિદ્યમાન મકાનમાં સુધારા વધારા કરવા માટે લોન આપતાં હોય તેવાં ગૃહ નિર્માણ મંડળ, જીવન વીમા કોર્પોરેશન અથવા સરકારની માલિકીના અથવા તેનાથી નિયંત્રિત થતા અન્ય કોઈપણ સરકારી કોર્પોરેશનને, તે ગીરો મૂકવા માટે,

જરૂરી રહેશે નહિ.

---

** નાણાં વિભાગના તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૪૭-પીએફઆર-૧૦૮૨-૧૧૮૬-સી એચથી મૂકેલ છે.

+ નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૪૪-પીએફઆર-૨૪૭૧-૯૬૨-સીએચથી કમી કરેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૭૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૨૫-પીએફઆર-૨૪૭૪-૯૨ (જી.ઓ.એલ) સીએચથી મૂકેલ છે.

(ખ) બચતદારે, યથા પ્રસંગ, મકાન અથવા મકાનની જગા તેના કબજામાં ચાલુ છે અથવા તેને ગીરે મૂકેલ છે, અન્યથા ઉપર્યુકત પ્રમાણે તબદીલ કરેલ અથવા ભાડે આપેલ છે કેમ તે બાબતનો એકરાર દર વર્ષે ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખથી મોડું ન હોય તેમ સાદર કરવો જોઈએ અને જો તેમ કરવાનું ફરમાવવામાં આવે તો, મંજૂર કરતા સત્તાધિકારી સમક્ષ, તે અર્થે તે સત્તાધિકારી નિર્દિષ્ટ કરે તે તારીખે અથવા તે પહેલાં, અસલ વેચાણ, ગીરો અથવા પટાખત અને જેના પર મિલ્કત હક આધારિત હોય તેવા દસ્તાવેજો પણ રજૂ કરવા જોઈશે.

(ગ) બચતદાર તેની નિવૃત્તિ પહેલાં, કોઈપણ સમયે ગુજરાતના રાજ્યપાલની પૂર્વ મંજૂરી સિવાય, મકાન અથવા મકાનનીજગાનો કબજો છોડી દેતો આવી રીતે ઉપાડેલી રકમ તેણે એકસામટી ફંડમાં ભરપાઈ કરવાની રહેશે અને આમ ભરપાઈ કરવામાં ચૂક થતાં, મંજૂર કરતા સત્તાધિકારી, તે બાબતમાં રજૂઆત કરવાની બચતદારને વાજબી તક આપ્યા પછી એક સામટી અથવા માસિક હપ્તાઓની તે નકકી કરે તેવી સંખ્યામાં બચતદારના મળતરમાંથી સદરહુ રકમ વસૂલ કરાવશે. ]

¢ [ નોંધ. ૧: - આ નિયમ હેઠળ તે જ હેતુ માટે, એકવાર આખરી ઉપાડની છૂટ આપવામાં આવશે. પરંતુ જુદાં જુદાં બાળકોના લગ્ન અથવા શિક્ષણ અથવા જુદાં જુદાં પ્રસંગોએ માંદગી એકજ હેતુ તરીકે ગણવામાં આવશે નહિ.

નોંધ ૨ :- તેજ હેતુ માટે અને તેજ સમયે, નિયમ ૧૨ હેઠળ પેશગી મંજૂર કરવામાં આવી હોય તો, આ નિયમ હેઠળ ઉપાડ મંજૂર કરવામાં આવશે નહિ.]

૧૪ ગ. નિયમ ૧૪-ક ના પેટા-નિયમ (૨) ના ખંડો (ક), (ખ) અને (ગ) માં દર્શાવેલ કોઈપણ હેતુ માટે નિયમ ૧૨ હેઠળ પેશગી લઈ લીધી હોય અથવા હવે પછી લેનાર હોય તેવો બચતદાર નિયમો ૧૪-ક અને ૧૪-ખ માં જણાવેલી શરતોનું તેણે પાલન કર્યું હોય તો પોતાના સ્વવિવેકાનુસાર તે પેટેની વ્યાજ સહિતની બાકી નીકળતી રકમ, મંજૂર કરતા સત્તાધિકારીને, લેખિત વિનંતી કરીને આખરી ઉપાડમાં ફેરવી શકશે.

+ [ નોંધ-૧- મંજૂર કરતા સત્તાધિકારીએ ઠરાવેલા નમૂનામાં કામચલાઉ પેશગીને આખરી ઉપાડમાં ફેરવવાની મંજૂરી આપવી જોઈશે અને હિસાબ અધિકારીને નકલ મોકલવી જોઈશે. રાજ્યપત્રિત બચતદારોના કેસમાં, આવી મંજૂરીની નકલ તિજોરી અધિકારી/પગાર અને હિસાબી અધિકારીને પણ મોકલવી જોઈશે.

નોંધ- ૨:- નિયમ ૧૫-ખ ના, પેટા-નિયમ (૧)ના હેતુ માટે, આખરી ઉપાડ સમયે સિલક તરીકે બાકીની રકમ અને જરૂરી વ્યાજ સાથે ફાળા તરીકે તે પછી જમા રહેલી વધારાની રકમ, કોઈ હોય તો તે, સિલક તરીકે ગણવામાં આવશે. ]

૧૪-ઘ.- નિયમ ૧૨ના ખંડો (ખ) અને (ગ) હેઠળ ખાસ કારણોસર પેશગી મંજૂર કરવાની સત્તાધરાવતા અધિકારી, જેમણે નોકરીનાં *૨૫ વર્ષ પૂરાં કર્યાં હોય અથવા જેમને નિવૃત્તિવયે પહોંચવા માટે *૫ વર્ષ કરતાં ઓછાં વર્ષ બાકી હોય તેવા બચતદારોને મોટરકાર ખરીદવા માટે અથવા એ હેતુથી તેમણે લઈ

¢ નાણાં વિભાગના તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૪૩ પીએફ આર-૧૦૮૨-૧૧૮૬ સીએચથી દાખલ કરેલ છે.

+ એજનથી દાખલ કરેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૧૩મી જૂન, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન !૨૫૦ !પી એફ આર-૨૪૭૩-૮૨૨-સી એચથી મૂકેલ છે.

લીધેલી સરકારી લોન ભરપાઈ કરવા માટે, તેમના ખાતે જમા રકમમાંથી કાઈપણ સમયે આખરી ઉપાડ કરવાની મંજૂરી નીચેની શરતોને અધીન રહીને આપી શકશે:-

(૧) અધિકારીનો પગાર રૂા. એક હજારથી ઓછો ન હોવો જોઈએ;

* [ (ઉપાડની રકમ રૂા. સોળ હજાર અથવા વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાં બચતદારના ખાતે જમા રહેલા ફાળાની રકમ તેમજ તે પરના વ્યાજની રકમનો એક તૃતિયાંશ ભાગ અથવા મોટરકારની ખરેખર કિંમત, એ બધામાંથી સૌથી ઓછી હોય તેટલી રકમ પૂરતી મર્યાદિત રહેશે:

પરંતુ ખાસ કિસ્સા તરીકે મંજૂર કરતા સત્તાધિકારી ફંડ હિસાબમાં, જમા તરીકે બચતદારની સિલકના અડધા ભાગ જેટલી આ મર્યાદાથી વધુ હોય તેટલી રકમનો આખરી ઉપાડ મંજૂર કરી શકશે.]

(૩) આવો ઉપાડ કરવાની છૂટ ફકત એકજ વખત આપી શકાશે. બીજી મોટરકારની ખરીદી માટેના ઉપાડની બાબતમાં, મુંબઈ નાણાકીય નિયમોની અને તેને પૂરક એવા કોઈ બીજા હુકમો હોય તો તેની સંબંધિત જોગવાઈઓ હેઠળ મોટરકાર અંગેની પેશગી મળી શકશે નહિ.

¢ [૧૪ ચ. જે બચતદારે નોકરીનાં પચ્ચીસ વર્ષ પૂરાં કર્યાં હોય અથવા જેમને નિવૃત્તિવયે પહોંચવા માટે પાંચ કરતાં ઓછાં વર્ષ બાકી હોય તેવા બચતદારને, નીચેની શરતોને અધીન રહીને તેની મોટરકારના મહત્ત્વના સમારકામ અથવા યોગ્ય રીતે તપાસીને સમી કરવાના હેતુ માટે પ્રોવિડન્ટ ફંડમાં તેના ખાતે જમા રહેલી રકમમાંથી આખરી ઉપાડ કરવાની છૂટ આપી શકાશે :-

(૧) અધિકારીનો પગાર રૂા. ૧૪૦૦ !-થી ઓછો ન હોવો જોઈએ;

(૨) ઉપાડની રકમ રૂા. ૫૦૦૦ !- અથવા વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાં બચતદારની જમા રહેલી રકમના એક તૃતિયાંશ ભાગ અથવા મરામત/સમી કરાવવાની ખરેખર રકમ, એ બધામાંથી સૌથી ઓછી હોય તેટલી રકમ પૂરતી મર્યાદિત રહેશે;

(૩) સંબંધિત અધિકારીએ મોટરકાર ખરીદ્યાને પાંચથી ઓછાં વર્ષ વીત્યાં ન હોય, જૂની મોટરકારની બાબતમાં પહેલાં ખરીદનારની ખરીદીની પ્રારંભિક તારીખ, ધ્યાનમાં લેવામાં આવશે;

---

* નાણાં વિભાગના તારીખ ૧૩મી જૂન, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન !૨૫૦ !પી એફ આર-૨૪૭૩-૮૨૨-સી એચથી મૂકેલ છે.

¢ નાણાં વિભાગના તારીખ ૮મી જૂન, ૧૯૮૨ના સરકારી જાહેનામાં ક્રમાંક: જીએન-૭૩૧-પી એફ આર-૧૦૮૧-૧૮-સીએચથી દાખલ કરેલ છે.

(૪) આવો ઉપાડ બચતદારની નોકરી દરમિયાન એકજ વખત કરવા દેવામાં આવશે.

નિયમ ૧૨ હેઠળ ખાસ કારણો માટે પેશગી મંજૂર કરતા યોગ્ય સત્તાધિકારી, ઉપર જણાવેલી શરતોને અધીન રહીને આખરી ઉપાડ મંજૂર કરી શકશે. કાર્યપ્રણાલીની વિગતો અન્ય ઉપાડના કેસમાં હોય છે તેવીજ રહેશે.

વીમા પૉલિસીઓ અને કુટુંબ પેન્શન ફંડ પેટે ચુકવણીઓ.

૧૫. નિયમ ૧૫ ક થી ૨૨ માં દર્શાવેલ શરતોને અધીન રહીને......

(ક) (૧) સરકારે આ અર્થે માન્ય રાખેલા કુટુંબ પેન્શન ફંડમાંના ફાળા;

(૨) વીમા પૉલિસી અંગેની ચુકવણી, બચતદારની ઈચ્છા મુજબ પૂર્ણત: કે અંશત; ફંડના ફાળાની અવેજીમાં મૂકી શકાશે;

(ખ) ફંડમાં બચતદારના ખાતે જમા રહેતી વ્યાજ સહિત ફાળાની રકમ, નીચેના હેતુસર ઉપાડી શકાશે:-

(૧) વીમા પૉલિસી પેટે ચુકવણીઓ કરવા માટે;

(૨) એક જ ચુકવણીવાળી વીમા પૉલિસી ખરીદવા માટે;

(૩) એકજ પ્રીમિયમની ચુકવણી અથવા સરકારે આ અર્થે માન્ય રાખેલ કુટુંબ પેન્શન ફંડમાં ફાળા આપવા માટે:

પરંતુ (૧) પ્રસ્તુત પૉલિસીની વિગતો હિસાબ અધિકારીને રજૂ કરવામાં આવી હોય અને તે તેણે યોગ્ય ગણી સ્વીકારી હોય તે પહેલાં, અથવા (૨) નાણાં ઉપાડવા માટેની અરજીની અથવા નાણાં માટેની માગણી રજૂ કર્યાની તારીખ પહેલાં ત્રણ મહિના કરતાં વધુ સમય પૂર્વે કરેલી અથવા થયેલી કોઈપણ ચુકવણી અથવા ખરીદીને પહોંચી વળવા માટે અથવા નાણાં ઉપાડવા માટેની અરજીની અથવા નાણાં માટેની માગણી રજૂ કર્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર ખરેખર ચૂકવવાના થતા પ્રિમીયમ અથવા ફાળાને પહોંચી વળવા માટે જરૂરી હોય તે કરતાં વધુ એવી કોઈ રકમ ઉપાડી શકાશે નહિ:

વધુમાં, ફંડના ફાળાની અવેજીમાં શિક્ષણ વિષયક એન્ડાઉમેન્ટ પૉલિસી પેટેની ચુકવણીઓ કરી શકાશે નહિ, અને બચતદારની રાબેતા મુજબની નિવૃત્તિ વય પહેલાં જેની પૂર્ણત: અથવા અંશત: ચુકવણી કરવાની થતી હોય તેવી પૉલિસી અંગે કોઈપણ ચુકવણી અથવા તેની ખરીદી માટે કોઈ રકમ ઉપાડી શકાશે નહિ.

(ગ) ખંડ (ખ) હેઠળ ઉપાડેલી કોઈપણ રકમ, નિયમ ૧૦નાપેટા-નિયમ (૬) માં ઠરાવેલી રીતે નજીકના આખા રૂપિયામાં ફેરવેલી રકમમાં જ ચૂકવવાની રહેશે.

૧૫. ક. (૧) નિયમ ૧૫ હેઠળ જે અંગે ફંડ ખાતે ભરવાના ફાળા માટે અવેજ અથવા

ફંડમાંથી ફાળાની ઉપાડની છૂટ આપી શકાય તેવી પોલિસીઓની સંખ્યા ચાર કરતાં વધવી ન જોઇએ:

પરંતુ તારીખ ૧૩મી મે, ૧૯૫૫ની તરત પૂર્વે ચારથી વધારે પોલિસીઓનીબાબતમાં, ફંડમાં ભરવાના ફાળા માટે અવેજ અથવા ફંડમાંથી ફાળાના ઉપાડની છૂટ આપવામાં આવી હોય તેવા કેસોમાં, આવી અવેજ અથવા ઉપાડની છૂટ તે પોલિસીઓ પૂરતી ચાલુ રહેશે.

(૨) પેટા-નિયમ (૧) ના પરંતુકમાં જણાવેલી કોઈપણ પોલિસી સહિત જ પોલિસીના પ્રિમીયમ માટે નિયમ ૧૫ હેઠળ ફંડમાંથી ફાળાના ઉપાડની છૂટ આપવામાં આવે તે પોલિસીનું પ્રિમીયમ તારીખ ૧૨મી મે, ૧૯૫૬ પછી વાર્ષિક ચુકવણી સિવાય બીજી રીતે ભરી શકાશે નહિ.

સ્પષ્ટીકરણ: - પેટા-નિયમ (૧) માં દર્શાવેલી પોલિસીઓની વધુમાં વધુ સંખ્યાની ગણતરીમાં પાડી ગયેલી પોલિસીઓ બાકાત રાખવી.

૧૬. (૧) નિયમ ૧૫ ના ખંડ (ક) હેઠળ અવેજી થતી કોઈપણ ફાળાની અથવા ચુકવણીની કુલ રકમ નિયમ ૮ હેઠળ ફંડમાં ભરવાના ઓછામાં ઓછા ફાળાની રકમ કરતાં ઓછી હોય, તો તફાવતની રકમ, નિયમ ૧૦ ના પેટા-નિયમ (૬) માં ઠરાવેલી રીતે નજીકના આખા રૂપિયામાં ફેરવી બચતદારે ફંડમાં ફાળા તરીકે ભરવી જોઈશે.

(૨) બચતદાર ફંડમાં પોતાના ખાતે જમા રહેતી કોઈ રકમ નિયમ ૧૫ના ખંડ (ખ) માં દર્શાવેલા કોઈપણ હેતુ માટે ઉપાડે તો તે નિયમના ખંડ (ક) નીચે તેને મળતા વિકલ્પને અધીન રહીને, તેણે ફંડમાં નિયમ ૮ હેઠળ ચૂકવવાપાત્ર થતો ફાળો ભરવાનું ચાલુ રાખવું પડશે.

૧૭. (૧) નિયમ ૧૫ ના ખંડ (ક) હેઠળ અવેજથી ફાળો ભરવા અથવા ચુકવણી કરવા ઇચ્છતો બતચદાર તે પ્રમાણે પોતાનો ફંડનો ફાળો ઘટાડી શકશે:

પરંતુ બચતદારે નીચેની કાર્યવાહી કરવાની રહેશે. :-

(ક) ઘટાડાની હકીકત અને તે માટેનું કારણ પોતાના પગાર બિલ ઉપર અથવા પત્ર ધ્વારા હિસાબ અધિકારીને જણાવવાં જોઈશે;

(ખ) ફાળાની ઘટાડેલી રકમ નિયમ ૧૫ના ખંડ (ક) માં દર્શાવેલા હેતુઓ માટે બરાબર ઉપયોગમાં લેવાઈ હોવાની હિસાબ અધિકારીને ખાતરી કરાવવા માટે, હિસાબ અધિકારી ફરમાવે તેટલી મુદતમાં તેને પહોંચો અથવા પહોંચોની પ્રમાણિત નકલો મોકલવી જોઈશે.

(૨) નિયમ ૧૫ના ખંડ (ખ) હેઠળ કોઈ રકમ ઉપાડવા ઇચ્છતા બચતદારે .....

(ક) હિસાબ અધિકારીને નાણાં ઉપાડ માટેનું કારણ પત્ર ધ્વારા જણાવવું જોઈશે;

(ખ) નાણાં-ઉપાડ માટે અધિકારી સાથે વ્યવસ્થા કરવી જોઈશે;

(ગ) ઉપાડેલી રકમ નિયમ ૧૫ ના ખંડ (ખ) માં દર્શાવેલા હેતુઓ માટે બરાબર ઉપયોગમાં લેવાઈ હોવાની હિસાબ અધિકારીને ખાતરી કરાવવા માટે, હિસાબ અધિકારી ફરમાવે તેટલી મુદતમાં તેને પહોંચો અથવા પહોંચોની પ્રમાણિત નકલો મોકલવી જોઈશે.

(૩) પેટા-નિયમ (૧) ના ખંડ (ખ) અને પેટા-નિયમ (૨)ના ખંડ (ગ) થી ઠરાવેલીરીતે જેના સંબંધમાં તેને ખાતરી થઈ ન હોય તેવી, ફાળામાં કરેલા ઘટાડાની રકમ અથવા ઉપાડેલી રકમ, બચતદારના મળતરમાંથી વસૂલ કરવાનો હુકમ હિસાબ અધિકારી આપશે અને બચતદારના ખાતે ફંડમાં તે રકમ જમા કરશે.

૧૮. (૧) સરકાર બચતદારોના વતી, વીમા કંપનીઓને કશી ચુકવણી કરશે નહિ તેમજ પૉલિસી ચાલુ રાખવા માટે કોઈ પગલાં લેશે નહિ.

(૨) પૉલિસીનું સ્વરૂપ કયા પ્રકારનું છે તે અગત્યનું નથી પરંતુ બચતદારે, તે પોતાની જીંદગીને માટે લીધી હોવી જોઈશે, અને તે પૉલિસી, જેમાં તેની પત્નીના અથવા તેની પત્ની તેમજ બાળકોના કે તેમાંના કોઈના લાભાર્થે હોવાનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોય તેવી પૉલિસી ન હોય તો બચતદાર પોતે, મુંબઈના રાજ્યપાલને કાયદેસર એસાઈન કરી શકે તેવી હોવી જોઈએ.

સ્પષ્ટીકરણ ૧. - આ પેટા-નિયમના હેતુ માટે બચતદાર અને તેની પત્નીની સંયુકત જીંદગી પરની પૉલિસી બચતદારની પોતાની જીંદગી પરની પૉલિસી ગણાશે.

સ્પષ્ટિકરણ ૨.- બચતદારની પત્નિને એસાઈન કરેલી પૉલિસી, તે સૌપ્રથમ બચતદારના નામે અથવા બચતદારની પત્નીને અથવા તેની પત્ની અને બાળકોને અથવા તેમાંના ગમે તે કોઈ ને ફરીથી એસાઈન કરવામાં ન આવે તો સ્વીકાર્ય ઠરશે નહિ.

૧૯. (૧) પૉલિસી અંગે ફંડમાંથી સૌપ્રથમ ફાળો અટકાવ્યા બાદ અથવા ફંડમાંથી ઉપાડ કર્યા બાદ છ મહિનામાં, અથવા જેનું સદરમુકામ ભારત બહાર હોય તેવી વીમા કંપનીની બાબતમાં પૂર્ણતા પ્રમાણપ્રત્ર (વચગાળાની પહોંચ) રજૂ કરવાથી હિસાબ અધિકારીને સંતોષ થાય તો તે ઠરાવે તેટલા વધુ સમયમાં પૉલિસી-

(ક) નિયમો ૨૦ થી ૨૨ હેઠળ ફંડમાં ભરવાની થાય તેવી કોઈ રકમની ચુકવણી અંગેની જામીનગીરી પેટે, મુંબઈના રાજ્યપાલને એસાઈન કરી હિસાબ અધિકારીને સોંપી દેવી પડશે, સિવાય કે તે, જેમાં બચતદારની પત્નીના કે તેની પત્ની અને બાળકોના કે તેમાંના કોઈના લાભાર્થે હોવાનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોય તેવી પૉલિસી હોય. પૉલિસી બચતદારની જીંદગીના વીમાની હોય અથવા બચતદાર અને તેની પત્નીના સંયુકત જીંદગીના વીમાની હોય કે બચતદારની પત્નીના નામે અગાઉથી એસાઈન થઈ હોય તે પ્રમાણે, બીજી અનુસૂચિમાંના નમૂના (૧) કે (૨) કે (૩) માં પૉલિસી ઉપર શેરાથી આ એસાઈનમેન્ટ કરી શકાશે;

(ખ) જેમાં બચતદારની પત્નીના અથવા તેની પત્ની અને બાળકોના અથવા તેમાંના કોઈના લાભાર્થે તે હોવાનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોય તેવી પૉલિસી. હિસાબ અધિકારીને સોંપી દેવી જોઈશે.

(૨) શકય હોય ત્યાં, વીમા કંપનીને જાણ કરીને આ અગાઉ તે પૉલિસી એસાઇન થયેલ નથી. તે અંગે હિસાબ અધિકારીએ જાતે ખાતરી કરી લેવી જોઇશે.

(૩) ફંડમાંથી નાણાં આપવા માટે હિસાબ અધિકારીએ એક વખત પૉલિસી સ્વીકારી હોય તે પછી હિસાબ અધિકારીની પૂર્વ-મંજૂરી સિવાય પૉલિસીની શરતોમાં કોઈ ફેરફાર થઈ શકશે નહિ કે તેના બદલામાં બીજી પૉલિસી લઈ શકાશે નહિ અને આવા ફેરફારની કે નવી પૉલિસીની વિગતો તેમને પૂરી પાડવાની રહેશે.

(૪) સદરહુ છ માસના ગાળાની અંદર કે પેટા-નિયમ (૧) હેઠળ હિસાબી અધિકારી ઠરાવે તેવા વધુ ગાળાની અંદર પૉલિસી એસાઇન કરી સોંપવામાં આવી ન હોય અથવા સોંપી દેવામાં આવી ન હોય, તો પૉલિસી અંગે ફંડમાંથી અટકાવેલી અથવા ઉપાડેલી કોઈ રકમ, બચતદારે તરતજ ફંડમાં ભરવી અથવા ભરપાઈ કરી આપવી પડશે. અથવા આમાં ચૂક થયેથી જ આપવા માટે નિયમ ૧૨ના ખંડ (ખ) કે ખંડ (ગ) હેઠળ ખાસ કારણો જરૂરી બને તેવી પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી ફરમાવે તે પ્રમાણે બચતદારના મળતરમાંથી. હપ્તાથી કે બીજી રીતે કપાત કરીને તે વસૂલ કરવા હિસાબ અધિકારી હુકમ કરશે.

(૫) બચતદારે પૉલિસી એસાઇન કર્યાની નૉટિસ વીમા કંપનીને આપવી જોઈશે અને નૉટિસ મળ્યા બદલ વીમા કંપનીએ મોકલેલી પહોંચ, એસાઇન કર્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર હિસાબ અધિકારીને મોકલવી જોઈશે.

નોંધ:- ૧ એસાઇન કર્યાની નૉટિસની બે નકલો બચતદારોએ વીમા કંપનીને મોકલવી અને ગ્રેટ બ્રિટન અથવા આયર્લેન્ડમાં આવેલી કંપનીને નૉટિસ મોકલવાની હોય તો વીમા પૉલિસી અધિનિયમ, ૧૮૬૭ થી અધિકૃત કરવામાં આવેલી પહોંચ માટેની પાંચ શિલિંગની ફીના ભરણા સાથે તે મોકલવી. એસાઇન કર્યાની શેરાવાળી પૉલિસી કંપનીને મોકલવાની જરૂર નથી. કારણકે સામાન્યરીતે પૉલિસી અંગે હકદાવો રજૂ કરવાનો ન થાય ત્યાં સુધી, વીમા કંપનીઓ પૉલિસી ધરાવનારના હકદાવાને લગતા અસલ દસ્તાવેજો રજૂ કરવા જણાવતી હોતી નથી.

નોંધ ૨.- નોકરી છોડીને ગ્રેટ બ્રિટન અથવા આયર્લેન્ડ જતા બચતદારોએ ઈંગ્લિશ સ્ટેમ્પ કાયદા હેઠળ. તે દેશોમાં તેઓ પહેલી વખત આવી પહોંચે તેના 30 દિવસની અંદર એસાઇનમેન્ટ અથવા રિએસાઇનમેન્ટ પર સ્ટેમ્પ લગાવવો જરૂરી છે. અન્યથા સ્ટેમ્પ અધિનિયમ હેઠળ દંડ થશે અને પૉલિસી ચુકવણી માટે પાકતાં મુશ્કેલી ઊભી થશે.

૧૯-ક. બચતદારે આવી પૉલિસી ચાલુ હોય તે દરમિયાન પૉલિસીની શરતો મુજબ જેનો ઉપાડ કરવાનું મરજીયાત હોય તેવું કોઈ બૉનસ ચાલુ પૉલિસી દરમિયાન મેળવવું નહિ અને પૉલિસી ચાલુ હોય તે દરમિયાન જ ન મેળવવાનું પૉલિસીની શરતો હેઠળ બચતદાર માટે મરજીયાત ન હોય તેવા કોઈ બૉનસની રકમ તેણે તરતજ ફંડમાં જમા કરાવવી. અથવા આમાં કસૂર થતાં, આવા બચતદારને નિયમ ૧૨ (૨) (ક) હેઠળ પેશગીઓ મંજૂર

કરવાની સત્તા ધરાવતા, આ નિયમોના પરિશિષ્ટ "ક"માં જણાવેલા અધિકારી ફરમાવે તે પ્રમાણે બચતદારના મળતરમાંથી, હપ્તાથી કે અન્યથા કપાત કરીને તે વસૂલ કરવામાં આવશે.

૨૦. (૧) નિયમ ૨૨ ના પેટા-નિયમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય બચતદાર-

(ક) નોકરી છોડી જાય, અથવા

(ખ) નિવૃત્તિ પૂર્વેની રજા પર ઉતર્યા હોય અને પોલિસી ફરી એસાઇન કરવા અથવા પરત કરવા હિસાબ અધિકારીને અરજી કરે, અથવા

(ગ) રજા પર હોય તે દરમિયાન, તેને નિવૃત્ત થવાની પરવાનગી આપવામાં આવી હોય અથવા સત્તાધરાવતા તબીબી અધિકારીએ તેને વધુ નોકરી માટે અયોગ્ય જાહેર કર્યો હોય અને પોલિસી ફરી એસાઇન કરવા અથવા પરત કરવા હિસાબ અધિકારીને અરજી કરે, અથવા

(ઘ) નિયમ ૧૫ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨) અને નિયમ ૧૫ના ખંડ (ખ) ના પેટા-ખંડો (૧) અને (૨)માં દર્શાવેલ કોઈપણ હેતુ માટે ફંડમાંથી અટકાવેલી અથવા તેમાંથી ઉપાડેલી કોઈ રકમ નિયમ ૧૧ માં ઠરાવેલા દરે તે ઉપરના વ્યાજ સહિત ફંડમાં પૂરેપૂરી ચૂકવે અથવા ભરપાઈ કરે,

ત્યારે હિસાબ અધિકારીએ નીચે મુજબ કાર્યવાહી કરવી જોઈશે:-

(૧) પોલિસી નિયમ ૧૯ હેઠળ મુંબઈના રાજ્યપાલને એસાઈન કરવામાં આવી હોય, તો તે ત્રીજી અનુસૂચિમાં આવેલા નમૂના ૧ માં બચતદારને નામે અથવા બચતદાર અને તેની સાથે સંયુકત વીમો ઉતરાવેલ વ્યકિતને નામે ફરીથી એસાઈન કરી, વીમા કંપનીને ઉદ્દેશીને લખેલી ફરીથી એસાઈન કર્યાની સહીવાળી નોટિસ સાથે બચતદારને સોંપવી જોઈશે.

(૨) પોલિસી, નિયમ ૧૯ના પેટા-નિયમ (૪) ના ખંડ (ખ) હેઠળ તેને સોંપાયેલી હોય, તો તે બચતદારને સોંપી દેવી જોઈશે:

પરંતુ નિવૃત્તિ પૂર્વેની રજા પર ઉતર્યા પછી અથવા સત્તા ધરાવતા તબીબી અધિકારીએ તેને વધુ નોકરી માટે અયોગ્ય જાહેર કર્યા પછી બચતદાર ફરજ પર ફરીથી હાજર થાય, તો આ રીતે ફરી એસાઈન કરાયેલી અથવા સોંપાયેલી પોલિસી જો તે પાકી ગઈ ન હોય અથવા એસાઈન કરવામાં આવી ન હોય અથવા કોઈપણ રીતે તેની ઉપર ભારણ કે બોજો ઊભો કરવામાં આવ્યો ન હોય તો નિયમ ૧૯ માં ઠરાવેલી રીતે ફરીથી મુંબઈના રાજ્યપાલને એસાઈન કરી આપી હિસાબ અધિકારીને સોંપવી પડશે, અથવા હિસાબ અધિકારીને ફરીથી સોંપી દેવી પડશે અને તેમ છતાં, આ નિયમોની જોગવાઈઓ, શકય હોય ત્યાં સુધી, તે પોલિસીને ફરી લાગુ પડશે:

વધુમાં, પૉલિસી પાકી ગઈ હોય અથવા તે એસાઈન કરવામાં આવી હોય અથવા કોઈપણ રીતે તેના પર ભારણ કે બોજો ઊભો કરવામાં આવ્યો હોય, તો પૉલિસી એસાઈન કરી સોંપવામાં થતી ચૂકને લાગુ પડતી નિયમ ૧૯ના પેટા-નિયમ (૩) ની જોગવાઈઓ લાગુ પડશે.

(૨) નિયમ ૨૨ ના પેટા-નિયમ (૩) માં જોગવાઈ કર્યા પ્રમાણે હોય તે સિવાય, બચતદાર નોકરી છોડી જતાં પહેલાં મૃત્યુ પામે તો, હિસાબ અધિકારીએ નીચે મુજબ કાર્યવાહી કરવી-

(૧) પૉલિસી નિયમ ૧૯ હેઠળ મુંબઈના રાજ્યપાલને એસાઈન કરવામાં આવી હોય તો ત્રીજી અનુસૂચિમાં આપવામાં આવેલાં નમૂના ૨ માં, તે પૉલિસી મેળવવા કાયદેસર રીતે હકદાર વ્યકિતને નામે ફરીથી એસાઈન કરવી જોઈશે અને વીમા કંપનીને ઉદ્દેશીને લખેલી ફરીથી એસાઈન કર્યાની સહીવાળી નૉટિસ સાથે તે આવી વ્યકિતને સોંપવી જોઈશે ;

(૨) પૉલિસી, નિયમ ૧૯ના પેટા-નિયમ (૧)ના ખંડ (ખ) હેઠળ તેને સોંપાઈ હોય, તો કોઈ હિતાધિકારી હોય તો તેને અને કોઈ હિતાધિકારી ન હોય તો તે મેળવવા કાયદેસર રીતે હકદાર હોય તેવી વ્યકિતને તે સોંપી દેવી જોઈશે.

૨૧ (૧) નિયમ ૧૯ હેઠળ મહારાષ્ટ્રના રાજ્યપાલને એસાઈન કરવામાં આવેલી પૉલિસી, બચતદાર નોકરી છોડી જાય તે પહેલાં પાકે અથવા બચતદાર અને તેની પત્નીના સંયુકત જીંદગીના વીમાના સદરહુ નિયમ હેઠળ એસાઈન કરવામાં આવેલી પૉલિસી બચતદારની પત્નીના મૃત્યુના કારણે ચુકવણી માટે પાકે તો, હિસાબ અધિકારીએ, નિયમ ૨૨ ના પેટા-નિયમ (૩) માં જોગવાઈ કર્યા મુજબ હોય તે સિવાય, નીચે પ્રમાણે કાર્યવાહી કરવી:-

(૧) કોઈ ચઢેલ બોનસની રકમ સહિત વીમો ઉતરાવેલી રકમ,પૉલિસી અંગે ફંડમાંથી અટકાવેલી અથવા ફંડમાંથી ઉપાડેલી સંપૂર્ણ રકમ કરતાં વધુ હોય, તો હિસાબ અધિકારીએ તે પૉલિસી ચોથી અનુસૂચિમાં આપવામાં આવેલા નમૂનામાં, યથાપ્રસંગ, બચતદારના અથવા બચતદાર અને સંયુકત વીમો ઉતરાવેલ વ્યકિતના નામે ફરીથી એસાઈન કરી બચતદારને સોંપી દેવી જોઈશે, અને બચતદારે ફંડમાંથી અટકાવેલી અથવા તેમાંથી ઉપાડેલી પૂરેપૂરી રકમ, ફંડમાં ભરવી અથવા ભરપાઈ કરી દેવી જોઈશે અને આમ કરવામાં ચૂક થયેથી, જેમાં નિયમ ૧૫ના ખંડ (ક) અને ખંડ(ખ) હેઠળ ફંડમાંથી અટકાવેલી અથવા ઉપાડેલી રકમ, જે હેતુઓ માટે રકમ અટકાવવા અથવા ઉપાડવાની મંજૂરી આપવામાં આવી હોય તે, સિવાયના હેતુઓ માટે વાપરવામાં આવી હોય તેવા કેસોની બાબતમાં લાગુ પડે છે તેમ, નિયમ ૨૨-ક ની જોગવાઈઓ લાગુ પડશે.

(૨) કોઈ ચડેલ બોનસની રકમ સહિત વીમો ઉતરાવેલી રકમ, અટકાવેલી અથવા ઉપાડેલી વ્યાજ સહિતની સંપૂર્ણ રકમ કરતાં ઓછી હોય, તો હિસાબ અધિકારીએ ચડેલા કોઈ બોનસ સહિત વિમો ઉતરાવેલી રકમ વસૂલ કરવી જોઈશે, અને આમ વસૂલ કરેલી રકમ ફંડમાં બચતદારને ખાતે જમા કરવી જોઈશે.

(૨) નિયમ ૨૨ના પેટા-નિયમ (૪) માં જોગવાઈ કર્યા મુજબ હોય તે સિવાય, નિયમ ૧૯ના પેટા-નિયમ (૧) ના ખંડ (ખ) હેઠળ હિસાબ અધિકારીને સોંપવામાં આવેલી પોલિસી, બચતદાર નોકરી છોડી જાય તે પહેલાં પાકે તો હિસાબ અધિકારીએ, તે પોલિસી બચતદારને સોંપવી જોઈશે:

પરંતુ પોલિસીમાં સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોય તે પ્રમાણે, બચતદારની પત્ની અથવા તેની પત્ની અને બાળકો અથવા તેમાંના કોઈની પોલિસીમાંના હિતનો પોલિસી પાકે ત્યારે અંત આવતો હોય અને વીમા કંપની તેને પોલિસી અંગેનાં નાણાં ચૂકવે તો બચતદારે તે મળ્યેથી, તરત ફંડમાં નીચે મુજબ ચુકવણી કે ભરપાઈ કરવી જોઈશે:-

(૧) નિયમ ૧૧ માં ઠરાવેલા દરે તે ઉપરના વ્યાજ સહિત પોલિસી અંગે ફંડમાંથી અટકાવેલી અથવા ફંડમાંથી ઉપાડેલી કોઈપણ સંપૂર્ણ રકમ,

અથવા

(૨) કોઈ ચડેલ બોનસ સહિત વીમો ઉતરાવેલી રકમ જેટલી રકમ, એ બેમાંથી જે ઓછી હોય તે રકમ, અને આમ કરવામાં ચૂક થતાં જેમાં નિયમ ૧૫ ના ખંડ (ક) અને ખંડ (ખ) હેઠળ ફંડમાંથી અટકાવેલી અથવા ઉપાડેલી રકમ, જે હેતુઓ માટે રકમ અટકાવવા અથવા ઉપાડવાની મંજૂરી, આપવામાં આવી હોય તે સિવાયના હેતુઓ માટે વાપરવામાં આવી હોય તેવા કેસોની બાબતમાં લાગુ પડે છે તેમ, નિયમ ૨૨-કની જોગવાઈઓ લાગુ પડશે.

૨૨. (૧) બચતદાર કોઈપણ કારણસર કુટુંબ પેન્શન ફંડમાં પૂર્ણત: અથવા અંશત: હિત ધરાવતો બંધ થઈ જાય, તો તેણે કુટુંબ પેન્શન ફંડમાંથી કોઈ રકમ રિફંડ મેળવેલી હોય તો તે તરત તેના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં ભરી દેવી; આવી ભરપાઈ કરવામાં ચૂક થયે, નિયમ ૧૨ (૨) (ક) હેઠળ આવા બચતદારને પેશગીઓ મંજૂર કરવાની સત્તા ધરાવતા, આ નિયમોની પાંચમી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા અધિકારી ફરમાવે તે રીતે હપ્તાથી અથવા બીજી રીતે, બચતદારના મળતરમાંથી તે રકમની કપાત કરવામાં આવશે.

(૨) પોલિસી રદ થાય અથવા નિયમ ૧૯ હેઠળ મુંબઈના રાજ્યપાલ સિવાય અન્ય વ્યકિતને એસાઈન થાય અથવા તેના પર ભારણ કે બોજો ઊભો કરવામાં આવે, તો પોલિસી એસાઈન કરી સોંપવાની ચૂકની બાબતમાં લાગુ પડતી નિયમ ૧૯ના પેટા-નિયમ (૪)ની જોગવાઈઓ લાગુ પડશે.

(૩) હિસાબ અધિકારીને .....

(ક) નિયમ ૧૯ હેઠળ મુંબઈના રાજ્યપાલને કરાતા એસાઈનમેન્ટ સિવાયના અન્ય એસાઈનમેન્ટની નોટિસ, અથવા

(ખ) ભારણ કે બોજો ઊભો કર્યાની નોટિસ, અથવા

(ગ) પોલિસી અંગેની અથવા તેના આધારે મળવેલી કોઈપણ રકમની લેવડદેવડને રોકતા કોર્ટના હુકમની નોટિસ મળે તો હિસાબ અધિકારીએ .....

(૧) નિયમ ૨૦માં જોગવાઈ કર્યા પ્રમાણે પોલિસી ફરીથી એસાઈન કરવી કે સોંપવી નહિ, અથવા

(૨) નિયમ ૨૧માં જોગવાઈ કર્યા પ્રમાણે વીમા પોલીસીની રકમ વસૂલ લેવી નહિ કે પોલિસી ફરીથી એસાઈન કરવી કે સોંપી દેવી નહિ,
પણ તરત જ તે બાબત સરકારને લખી મોકલવી જોઈશે.

૨૨-ક. આ નિયમોમાં ગમેતે મજકૂર હોય તે છતાં, મંજૂર કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે નિયમ ૧૨ના ખંડ (૧) હેઠળ ફંડમાંથી પેશગી તરીકે લીધેલાં અથવા નિયમ ૧૫ના ખંડ (ક) અથવા અંડ (ખ) હેઠળ ફંડમાંથી અટકાવેલાં અથવા ઉપાડેલાં નાણાં જે હેતુઓ માટે નાણાં લેવાની, અટકાવવાની અથવા ઉપાડવાની મંજૂરી આપી હતી તે સિવાયના હેતુઓ માટે વાપરવામાં આવ્યાં છે તો પ્રસ્તુત રકમ, બચતદારે, યથાપ્રસંગ, ફંડમાં તરત ભરપાઈ કરવી અથવા ચૂકવી દેવી પડશે અથવા એમ કરવામાં કસૂર થતાં, તે રજા ઉપર હશે તો પણ, તેના મળતરમાંથી, એકસામટી રકમની કપાત દ્વારા તે વસૂલ કરવાનો હુકમ આપવામાં આવશે. યથાપ્રસંગ, ભરપાઈ કરવાની અથવા ચૂકવવાની કુલ રકમ બચતદારના મળતરની અડધી રકમ કરતાં વધારે હોય, તો વસૂલ કરવાની આખી રકમ તે ભરપાઈ કરે અથવા ચૂકવે ત્યાં સુધી તેના મળતરના અડધા ભાગના માસિક હપ્તાઓથી તે વસૂલ કરવામાં આવશે.

નોંધ:- આ નિયમમાં વપરાયેલ "મળતર" શબ્દમાં નિર્વાહ ગ્રાન્ટનો સમાવેશ થતો નથી.

૨૨-ખ. ચાલુ પોલિસીઓ અંગે ચાલુ બચતદારોને પોલિસીઓ માટે નાણાં પૂરાં પાડવાને લગતી જોગવાઈઓની મર્યાદાઓ.- નિયમો ૧૫ થી ૨૨ની જોગવાઈઓ, જેમણે આ નિયમ પ્રસિધ્ધ થયાની તારીખ પહેલાં ઓછામાં ઓછી એક વખત ફંડમાંથી ઉપાડ કર્યો હોય અને જેઓ ફંડમાં ભરવાના ફાળાની અવેજીમાં જીવનવીમાની પોલિસીઓ પેટે પૂર્ણત: અથવા અંશત: ચુકવણીઓ કરતા હોય અથવા આવી ચુકવણીઓ માટે ફંડમાંથી ઉપાડ કરતા હોય તેવા બચતદારોને જ લાગુ પડશે :

પરંતુ આવા બચતદારોને કોઈપણ નવી પોલિસીની બાબતમાં ફંડમાં ભરવાના થતા ફાળાની અવેજીરૂપે આવી ચુકવણી કરવાની અથવા આવી ચુકવણી કરવા ફંડમાંથી ઉપાડ કરવાની છૂટ આપી શકાશે નહિ. પરંતુ સદરહુ જાહેનામાની તારીખ પછી અને જુદી જુદી કચેરીઓને સુધારેલા નિયમો મળે તે પહેલાં, નવી પોલિસી માટે પ્રથમ ઉપાડ કરવામાં આવ્યો હોય તેવા કેસમાં, નિયમો હળવા કરીને ખાસ કેસ તરીકે છૂટછાટ આપી શકાશે.

### જમા રકમ ચૂકવવાજોગ થાય તેવા સંજોગો.

૨૩. બચતદાર નોકરી છોડી જાય ત્યારે ફંડમાં તેના ખાતે જમા રહેતી રકમ, નિયમ ૨૬ હેઠળ કરવાની કોઈ કપાતને અધીન રહીને, તેને ચૂકવવાજોગ થશે:

પરંતુ નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો હોય અને તેને પાછો નોકરીમાં ફરીથી લેવામાં આવ્યો હોય તેવા બચતદારે સરકાર તેને તેમ કરવા ફરમાવે, તો આ નિયમ અનુસાર ફંડમાંથી તેને આપવામાં આવેલી કોઈ રકમ, નિયમ ૧૧ માં ઠરાવેલા દરે તે પરના વ્યાજ સહિત, નિયમ ૨૪ના પરંતુકમાં ઠરાવેલી રીતે ભરપાઈ કરવી પડશે. આમ ભરપાઈ કરવામાં આવેલી રકમ ફંડમાં જમા કરવામાં આવશે અને તેના ફાળા અને તે પરના વ્યાજ જેટલો ભાગ અને સરકારનો ઉમેરા-ફાળો અને તે પરના વ્યાજ જેટલો ભાગ નિયમ ૬ માં ઠરાવેલી રીતે ગણતરીમાં લેવો:

+ [ વધુમાં હંગામી જગા ધરાવતો બચતદાર તેની નિમણૂકની સમાપ્તિ થયેથી રકમ ઉપાડી શકશે અથવા તે કાયમ માટે નોકરી છોડે ત્યારે કોઈપણ સમયે ઉપાડવા માટે ફંડમાં રાખી શકશે. ]

સ્પષ્ટીકરણ ૧.- જેને નકારેલી રજા મંજૂર કરવામાં આવી હોય તેવા બચતદારે, યથાપ્રસંગ, ફરજિયાત નિવૃત્તિની તારીખે અથવા નોકરીની લંબાવેલી મુદત પૂરી થાય તે તારીખે નોકરી છોડી હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ ૨. - કોન્ટ્રાકટથી નિમાયેલ અથવા નોકરીમાંથી નિવૃત થયા પછી નોકરીમાં તૂટ સાથે કે તૂટ વિના ફરીથી નોકરીમાં રખાયેલ બચતદાર સિવાયના બચતદારની, નોકરીમાં કોઈપણ તૂટ સિવાય બીજી રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર અથવા (જેમાં તેને બીજા પ્રોવિડન્ટ ફંડ નિયમો લાગુ પડતા હોય તેવા) સરકારના બીજા ખાતામાં નવી જગા પર, તેની અગાઉની જગા સાથે કોઈપણ સંબંધ ચાલુ રાખ્યા સિવાય, બદલી કરવામાં આવી હોય, તો તે તેની નોકરી છોડી જાય છે તેમ ગણવું નહિ. આવા કેસમાં તેના ફાળા અને સરકારના ઉમેરા-ફાળા તે પરના વ્યાજ સહિત નીચે મુજબ તબદીલ કરવા :-

(ક) નવી જગા રાજ્ય સરકારના બીજા ખાતામાં હોય તો, બીજા ફંડના નિયમો અનુસાર તે ફંડમાં તેના ખાતે, અથવા

(ખ) નવી જગા બીજી રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર હેઠળ હોય અને તે રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા તેના ફાળા, સરકારના ઉમેરા-ફાળા અને વ્યાજની આવી તબદીલીને સંમતિ આપે તો, સંબંધિત બીજી રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર હેઠળ નવા ખાતે.

સ્પષ્ટીકરણ ૩:- કોન્ટ્રાકટથી નિમવામાં આવ્યો હોય અથવા નોકરીમાંથી નિવૃત્ત થયો હોય અને પાછળથી ફરી નોકરીમાં લેવામાં આવ્યો હોય તે સિવાયના બચતદારની બદલી, નોકરીમાં કોઈપણ તૂટ વિના

+ નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૪-પી એફ આર-૨૪૭૧-૯૬૨-સી એચથી દાખલ કરેલ છે.

રાજ્ય સરકાર અથવા બીજી કોઈપણ સરકારની માલિકી અથવા તેના નિયંત્રણ હેઠળના સંસ્થાપિત મંડળની અથવા મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ નોંધાયેલા કોઈ સ્વાયત્ત સંગઠન હેઠળની નોકરીમાં કરવામાં આવી હોય, તો ફાળાની અને સરકારી ઉમેરા-ફાળાની રકમ તેમજ તે પરનું વ્યાજ તેને ચૂકવવામાં આવશે નહિ, પરંતુ તેવા મંડળની સંમતિથી તે મંડળ હેઠળના તેના નવા પ્રોવિડન્ટ ફંડના ખાતામાં તબદીલ કરવામાં આવશે.

નોંધ ૧:- નોકરીમાં કોઈપણ તૂટ વિના અને રાજ્ય સરકારની યોગ્ય પરવાનગીથી કેન્દ્ર સરકાર કે બીજી રાજ્ય સરકાર હેઠળ કે (જેમાં બચતદારને બીજા પ્રોવિડન્ટ ફંડ નિયમો લાગુ પડતા હોય તેવા) રાજ્ય સરકારના બીજા ખાતામાં નિમણૂક મેળવવા માટે નોકરીમાંથી રાજીનામું આપ્યું હોય તેવા કેસોનો બદલીઓમાં સમાવેશ થાય છે એમ ગણવું. નોકરીમાં નજીવી તૂટ હોય તેવા કેસોમાં તે તૂટ, બીજા સ્થળે બદલી થતાં આપવામાં આવતા હાજર થવાના સમય પૂરતી જ મર્યાદિત હોવી જોઈએ.

છટણી બાદ તરત તે જ અથવા જુદી સરકાર હેઠળની નિમણૂકના કેસોમાં આ લાગુ પડશે.

નોંધ ૨:- આ સ્પષ્ટીકરણ પૂરતું નોકરીમાં કોઈપણ તૂટ વિના અને રાજ્ય સરકારની યોગ્ય પરવાનગીથી રાજ્ય સરકાર અથવા બીજી કોઈપણ સરકારની માલિકી અથવા તેના નિયંત્રણ હેઠળના સંસ્થાપિત મંડળમાં અથવા મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ નોંધાયેલા કોઈ સ્વાયત્ત સંગઠન હેઠળ નિમણૂક મેળવવા નોકરીમાંથી રાજીનામું આપનાર બચતદારની બદલી થયેલી ગણવામાં આવશે :

પરંતુ નવી નિમણૂક પર હાજર થવા માટે લીધેલો સમય, એક જગા પરથી બીજી જગા પર બદલી થતાં સરકારી કર્મચારીને મળવાપાત્ર હાજર થવાના સમય કરતાં વધુ નહિ હોય તો તેને નોકરીમાં તૂટ તરીકે ગણવામાં આવશે નહિ.

* [ વધુમાં, બચતદારની, યથાપ્રસંગ, નોંધ ૧ અથવા નોંધ ૨ માં સમાવિષ્ટ જોગવાઈઓ હેઠળ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય અથવા કેન્દ્ર સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના સંસ્થાપિત મંડળમાં અથવા મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ રજિસ્ટર થયેલા કોઈ સ્વાયત્ત સંગઠનમાં બદલી કરવામાં આવી હોય ત્યારે, તે પરના વ્યાજ સહિત સરકારી ઉમેરા-ફાળાની રકમ, યથાપ્રસંગ, સ્પષ્ટીકરણ ૨ અથવા સ્પષ્ટીકરણ ૩ માં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર, યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય અથવા કેન્દ્ર સરકારની માલિકીની અથવા તેના નિયંત્રણ હેઠળના સંબંધિત સંસ્થાપિત મંડળ અથવા મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ રજિસ્ટર થયેલા સંબંધિત સ્વાયત્ત સંગઠનમાં તબદીલ કરી શકાશે તેમજ એ શરતને અધીન રહેશે કે બચતદાર, સદરહુ નિમણૂકમાં સમાવિષ્ટ પાંચ વર્ષની કુલ નોકરી અને રાજ્ય સરકારની નોકરી પૂરી થતાં પહેલાં તેની નિમણૂકનું રાજીનામું આપે તો, આવી રીતે તબદીલ થયેલ તે પરના વ્યાજ સાથેની સરકારી ઉમેરા-ફાળાની રકમ સરકારને તબદીલ થયેલી ગણાશે. ]

---

* નાણાં વિભાગના તારીખ ૯મી મે ૧૯૭૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૩૫-પી એફ આર/ ૨૪૩૨/ ૧૩૮૪ (૭૫) થી એથી દાખલ કરેલ છે.

@ [ નોંધ ૩- આ સ્પષ્ટીકરણ હેઠળ આવરી લેવાયેલ કેસોના પ્રકારમાં વ્યાજ, સંબંધિત સરકારી કર્મચારીએ જાણે કે નોકરી છોડી દીધી હોય તેમ, નિયમ ૧૧ના પેટા-નિયમ (૪) ની જોગવાઈઓ અનુસાર લેવા દેવામાં આવશે. ]

૨૪. જ્યારે બચતદાર--

(ક) નિવૃત્તિ પૂર્વેની રજા પર ઉતર્યો હોય અથવા વેકેશનનો લાભ મળતો હોય તેવા ખાતામાં નોકરી કરતો હોય તો, વેકેશન સાથે જોડેલી નિવૃત્તિ પૂર્વેની રજા પર ઉતર્યો હોય, અથવા

(ખ) રજા પર હોય તે દરમિયાન તેને નિવૃત્ત થવાની છૂટ આપવામાં આવી હોય અથવા સત્તા ધરાવતા તબીબી અધિકારીએ વધુ નોકરી માટે તેને અયોગ્ય જાહેર કર્યો હોય,

તો ફંડમાં તેના ખાતે વ્યાજ સહિત જમા નીકળતી ફાળાની રકમ, આ અર્થે હિસાબ અધિકારીને તે અરજી કરે તો તેને ચૂકવવાપાત્ર થશે:

પરંતુ બચતદાર, ફરજ પર પાછો હાજર થાય તો + [ સરકાર અન્યથા ફરમાવે તે સિવાય તેના ખાતે ફંડમાં જમા કરવા માટે આ નિયમ અનુસાર ફંડમાંથી તેને આપેલી રકમ ] નિયમ ૧૧ માં ઠરાવેલા દરે તે પરના વ્યાજ સહિત, સરકાર ફરમાવે તે પ્રમાણે રોકડેથી અથવા જામીનગીરીઓમાં અથવા અંશતઃ રોકડેથી અને અંશતઃ જામીનગીરીઓમાં હપ્તાઓ દ્વારા અથવા અન્યથા, તેના મળતરમાંથી વસૂલ કરીને, અથવા અન્યથા ફંડમાં ભરપાઈ કરવી પડશે.

૨૫. પોતાના ખાતે જમા રહેતી રકમ ચૂકવવાને પાત્ર થાય તે પહેલાં અથવા રકમ ચૂકવવાપાત્ર થઈ હોય પરંતુ તેની ચુકવણી કરવામાં આવે તે પહેલાં બચતદારનું મૃત્યુ થાય, તે પ્રસંગે નિયમ ૨૬ હેઠળની કોઈપણ કપાતોને અધીન રહીને--

(૧) બચતદારનું કુટુંબ હયાત હોય તો --

(ક) નિયમ ૫ ની જોગવાઈઓ અનુસાર બચતદારે તેના કુટુંબના સભ્ય અથવા સભ્યોની તરફેણમાં કરેલી નિયુકિત અમલમાં હોય, તો જેને માટે નિયુકિત થઈ હોય તેવી ફંડમાં તેના ખાતે જમા નીકળતી રકમ અથવા તેનો ભાગ, નિયુકિતપત્રમાં દર્શાવેલા પ્રમાણમાં, તેના નિયુકત કે નિયુકતોને ચૂકવવાપાત્ર થશે;

(ખ) બચતદારના કુટુંબના સભ્ય અથવા સભ્યોની તરફેણમાં આવી કોઈ નિયુકિત અમલમાં ન હોય, અથવા આવી નિયુકિત ફંડમાં તેના ખાતે જમા થયેલી રકમના કોઈ ભાગ પૂરતી જ હોય, તો નિયુકિતપત્રમાં જેનો ઉલ્લેખ ન હોય તેવી આખી રકમ અથવા તેનો ભાગ તેના કુટુંબના સભ્યો અથવા સભ્યો સિવાયની બીજી કોઈપણ વ્યકિત અથવા વ્યકિતઓની તરફેણમાં હોવાનો ઈરાદો ધરાવતી કોઈ નિયુકિત હોય તો પણ તેના કુટુંબના સભ્યોને સરખા હિસ્સે ચૂકવવાપાત્ર થશે:

પરંતુ નીચેના ખંડો (૧), (૨), (૩) અને (૪)માં દર્શાવેલા કુટુંબના સભ્યો સિવાયનો કુટુંબનો અન્ય કોઈ સભ્ય હયાત હોય, તો

---

@ નાણાં વિભાગના તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૬!પીએફઆર! ૧૦૮૩ !૪૫૭ ! સીએચથી દાખલ કરેલ છે.

+ નાણાં વિભાગના તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૭૩ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૨૧૧

(૧) કાયદેસર પુખ્ત વય પહોંચેલા પુત્રોને;

(૨) મરહૂમ પુત્રના કાયદેસર પુખ્તવય પહોંચેલા પુત્રોને;

(૩) જેમના પતિ હયાત હોય તેવી પરિણીત પુત્રીઓને;

(૪) જેમના પતિ હયાત હોય તેવી મરહૂમ પુત્રની પરિણીત પુત્રીઓને, કોઈપણ હિસ્સો આપવાપાત્ર થશે નહિ:

વધુમાં જો તે મરહૂમ પુત્ર બચતદારના મૃત્યુ પછી હયાત હોત અને પહેલા પરંતુકના ખંડ (૧) ની જોગવાઈઓમાંથી તેને મુકિત આપવામાં આવી હોત તો, જે ભાગ તેને મળ્યો હોત તેજ ભાગ તે મરહૂમ પુત્રની વિધવા કે વિધવાઓ અને બાળક કે બાળકો વચ્ચે સરખા ભાગે વહેંચાશે.

નોંધ:- બચતદારના કુટુંબના સભ્યને આ નિયમ હેઠળ ચૂકવવાપાત્ર થતી કોઈપણ રકમ, પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૨૫ની કલમ ૩ ની પેટા-કલમ (૨) હેઠળ આવા સભ્યને પ્રાપ્ત થાય છે.

(૨) બચતદારના મૃત્યુ બાદ તેનું કોઈ કુટુંબીજન હયાત ન હોય અને નિયમ ૫ ની જોગવાઈઓ અનુસાર કોઈ વ્યકિત અથવા વ્યકિતઓની તરફેણમાં તેણે કરેલી નિયુકિત અમલમાં હોય, તો નિયુકિત જેને લગતી હોય તેવી ફંડમાં તેના ખાતે જમા રહેતી રકમ અથવા તેનો ભાગ તેના નિયુકત અથવા નિયુકતોને નિયુકિતમાં દર્શાવેલા પ્રમાણમાં ચૂકવવાપાત્ર થશે.

નોંધ ૧:- નિયુકત, પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૨૫ની કલમ ૨ના ખંડ (ગ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણે, બચતદારનો આશ્રિત હોય ત્યારે તે અધિનિયમની કલમ ૩ ની પેટા-કલમ (૨) હેઠળ એવા નિયુકતને રકમ પ્રાપ્ત થાય છે.

નોંધ ૨.- બચતદારના મૃત્યુ બાદ તેનું કોઈ કુટુંબીજન હયાત ન હોય અને નિયમ ૫ ની જોગવાઈઓ અનુસાર તેણે કરેલી કોઈ નિયુકિત અમલમાં ન હોય અથવા આવી નિયુકિત ફંડમાં તેના ખાતે જમા થયેલી રકમના ભાગ પૂરતી જ હોય તો, પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૨૫ની કલમ ૪ ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)ની અને ખંડ (ગ) ના પેટા-ખંડ (૨)ની સંબંધિત જોગવાઈઓ, આવી રકમને અથવા નિયુકિતમાં જેનો ઉલ્લેખ ન હોય તેવા તેના ભાગને લાગુ પડશે.

@ [ **૨૫-ક. વીમા યોજના -સહ- અનામત.**-બચતદારનું મૃત્યુ થયે બચતદારના ખાતે જમા હોય તેવી રકમ મેળવવા હકદાર વ્યકિતને હિસાબ અધિકારીએ તેવા બચતદારના મૃત્યુની તરતજ અગાઉના ત્રણ વર્ષ દરમિયાન ખાતામાંની સરેરાશ સિલક જેટલી વધારાની રકમ, નીચેની શરતોને અધીન રહીને ચૂકવવી જોઈશે:-

(ક) આવા બચતદારના ખાતે જમા સિલક, મૃત્યુના મહિના પહેલાંના ત્રણ વર્ષ દરમિયાન કોઈપણ સમયે નીચેની મર્યાદા કરતાં ઓછી હોવી જોઈશે નહિ-

---

@ નાણાં વિભાગના તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૮૩ ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૭!પી એફ આર!૧૦૮૩! સી એચથી દાખલ કરેલ છે.

(૧) મૃત્યુ સમયે વર્ગ-૧ ની જગા ધરાવતા બચતદારના કિસ્સામાં; રૂા. ૫૦૦૦/-

(૨) મૃત્યુ સમયે વર્ગ-૨ ની જગા ધરાવતા, બચતદારના કિસ્સામાં; રૂા. ૩૦૦૦/-

(૩) મૃત્યુ સમયે વર્ગ-૩ની જગા ધરાવતા બચતદારના કિસ્સામાં; રૂા. ૧૫૦૦/-

(૪) મૃત્યુ સમયે વર્ગ-૪ની જગા ધરાવતા બચતદારના કિસ્સામાં; રૂા. ૧૦૦૦/-

(ખ) આ નિયમ હેઠળ આપવાપાત્ર વધારાની રકમ, રૂા. ૧૦,૦૦૦ કરતાં વધવી જોઈશે નહિ;

(ગ) બચતદારે તેના મૃત્યુ સમયે ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરી કરી હોવી જોઈશે.

નોંધ ૧:- જે મહિનામાં મૃત્યુ થાય, તે મહિનાની અગાઉના દરેક ૩૬ મહિનાને અંતે, બચતદારના ખાતે જમા સિલકના ધોરણે, સરેરાશ સિલક, તપાસવામાં આવશે, આ હેતુ માટે, તેમજ ઠરાવેલ ઓછામાં ઓછી સિલક ચેક કરવા માટે પણ, ---

(ક) માર્ચ મહિનાની આખરે રહેલી સિલકમાં નિયમ ૧૧ ની શરતો પ્રમાણે જમા થયેલ વાર્ષિક વ્યાજનો સમાવેશ થશે, અને

(ખ) ઉપયુકત ૩૬ મહિનાનો છેલ્લો મહિનો માર્ચ મહિનો ન હોય તો, સદરહુ છેલ્લા મહિનાની આખરે રહેલી સિલકમાં, જેમાં મૃત્યુ થયું હોય તેવા નાણાકીય વર્ષના આરંભથી, સદરહુ છેલ્લા મહિનાના અંત સુધીની મુદત અંગેના વ્યાજનો સમાવેશ થશે.

નોંધ ૨.- આ યોજના હેઠળની ચુકવણી પૂરા રૂપિયામાં કરવી જોઈશે. લેણી રકમમાં, રૂપિયાના ભાગનો સમાવેશ થતો હોય તો, તે નજીકના રૂપિયામાં ગણવી જોઈશે (૫૦ પૈસાને પૂરા રૂપિયા તરીકે ગણવા જોઈશે)

નોંધ ૩: આ યોજના હેઠળ ચૂકવવાપાત્ર કોઈપણ રકમ, વીમાના નાણાંના સ્વરૂપે હોવી જોઈએ. પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૨૫ (સન ૧૯૨૫ના ૧૯મા અધિનિયમ) ની કલમ ૩થી આપેલું કાનૂની રક્ષણ, આ યોજના હેઠળ ચૂકવવાપાત્ર રકમોને લાગુ પડતું નથી.

નોંધ ૪:- આ યોજના હેઠળની ચુકવણી માટે રૂા. ૧૦,૦૦૦ ની અધિકતમ મર્યાદાનું નિયંત્રણ ખરેખર સિલકની ગોઠવણ કર્યા પછી, આખરી તબક્કે લાગુ પડશે. ]

## કપાત.

૨૬. ફંડમાં બચતદારના ખાતેની જમા રકમ ફંડમાંથી ચૂકવી આપવામાં આવે તે પહેલાં નિયમો ૧૦ અને ૧૧ હેઠળ જમા કરવામાં આવેલ વ્યાજસહિતના સરકારી ઉમેરા-ફાળાની કોઈ રકમ કરતાં જમા રકમમાં વધુ ઘટાડો કરે તેવી કપાત કરવામાં આવશે નહિ તે શરતને અધીન રહીને, સરકાર તેમાંથી નીચેની રકમની કપાત કરવાનું અને સરકાર ને ચુકવણી કરવાનું ફરમાવી

* [ ( ક) ગેરવર્તણુંક, નાદારી અથવા કાર્યક્ષમતાના અભાવને લીધે, બચતદારને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો હોય તો, આવા ઉમેરા-ફાળા અને વ્યાજ દર્શાવતી તમામ રકમ:

પરંતુ સરકારને એવી ખાતરી થાય કે, આવી કપાતથી, બચતદારને અસાધારણ મુશ્કેલી પડશે તો સરકાર, આવા ઉમેરા-ફાળા અને વ્યાજની રકમથી બે તૃતિયાંશ કરતાં વધુ ન હોય તે રકમ જેટલી કપાતમાંથી માફી આપવાનો હુકમ કરી શકશે:

વધુમાં બરતરફીનો આવો હુકમ પછીથી રદ કરવામાં આવે, તો આવી રીતે કાપેલી રકમ, તેને નોકરીમાં ફરીથી લીધા પછી, ફંડમાં તેના ખાતે જમા કરવી;

(ખ) બચતદાર, તે મૃત્યુ પામે, નિવૃત્તિવયે પહોંચે અથવા સત્તાધરાવતા તબીબી અધિકારી તેને વધુ નોકરી માટે અયોગ્ય જાહેર કરે અથવા જગા રદ થાય અથવા મહેકમમાં પાયરી ઉતાર થાય, તે કારણ સિવાય અન્યથા, તેની નોકરીની શરૂઆતથી પાંચ વર્ષની અંદર નોકરીનું રાજીનામું આપે અથવા સરકારના તાબાના કર્મચારી તરીકે બંધ થાય તો, આવા ઉમેરા-ફાળા અને વ્યાજ દર્શાવતી તમામ રકમ;

(ગ) બચતદારે વ્હોરેલી જવાબદારી હેઠળ, સરકારની લેણી નીકળતી કોઈ રકમ.

નોંધ ૧:- આ નિયમના પેટા-ખંડ (ખ) ના હેતુ માટે ---

(ક) પાંચ વર્ષની મુદત, સરકાર હેઠળની બચતદારની સળંગ નોકરીના આરંભથી ગણવામાં આવશે:

(ખ) નોકરીમાં કોઈપણ પ્રકારની તૂટ સિવાય અને સરકારની યોગ્ય પરવાનગીથી, રાજ્ય સરકારના બીજા ખાતામાં અથવા કેન્દ્ર સરકારમાં અથવા રાજ્ય અથવા કેન્દ્ર સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના સંસ્થાપિત મંડળમાં અથવા મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ રજિસ્ટર થયેલા કોઈ સ્વાયત્ત સંગઠન હેઠળ, નિમણૂક મેળવવા માટે નોકરીમાંથી આપેલા રાજીનામાને, સરકારી નોકરીમાંથી આપેલા રાજીનામા તરીકે ગણવામા આવશે નહિ.

નોંધ ૨.- ખંડ (ગ) અથવા નિયમ ૧૨ હેઠળ, જે મંજૂર કરવા માટે ખાસ કારણો જરૂરી બને તેવી પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી પણ આ નિયમ હેઠળ સરકારની સત્તા વાપરી શકશે. ]

## ચુકવણી

૨૭. (૧) ફંડમાં બચતદારના ખાતે જમા નીકળતી રકમ અથવા તે પૈકી નિયમ ૨૬ હેઠળની કોઈ કપાત કર્યા પછી, બાકી રહેતી રકમ ચૂકવવાપાત્ર થાય ત્યારે, તે નિયમ હેઠળ આવી કોઈ કપાત કરવાનું ફરમાવેલ ન હોય તો કાંઈપણ કપાત કરવાની નથી એવી જાતે ખાતરી કર્યા પછી, પ્રોવિડન્ટ ફંડ અધિનિયમની કલમ ૪ માં જોગવાઈ કર્યા પ્રમાણે તેની ચુકવણી કરવી એ હિસાબ અધિકારીની ફરજ રહેશે.

* નાણાં વિભાગના તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૭૧ના સરકારી જાહેરનામા ક્રમાક: જીએન-૪૬! પીએફ આર-૨૪૬૯-૧૪૩૫ ! સીએચથી મૂકેલ છે.

@ [ (૨) આ નિયમો હેઠળ જેને કંઈ રકમ કે પોલિસી ચૂકવવાની, એસાઈન કરવાની, ફરીથી એસાઈન કરવાની અથવા સોંપવાની હોય તે વ્યકિત પાગલ હોય તો ચુકવણી, ફરીથી એસાઈન્મેન્ટ અથવા સોંપણી-

(૧) ભારત પાગલપન અધિનિયમ, ૧૯૧૨ હેઠળ નીમેલા પાગલની એસ્ટેટના મેનેજરને કરવી જોઈશે, અને

(૨) સદરહુ અધિનિયમની કલમ ૯૫ની જોગવાઈઓ અનુસાર મેનેજરની નિમણૂક ન કરી હોય તો, યથાપ્રસંગ, આવી ચુકવણી કરવાને, ફરીથી એસાઈન કરવાને અથવા સોંપવાને જોઈતા ફેરફારો સાથે આ જોગવાઈઓ લાગુ પડશે].

* [ (૩) ઉપાડેલી રકમોની ચુકવણી ભારતમાંજ કરવામાં આવશે. જેને રકમો ચૂકવવાપાત્ર થતી હોય તે વ્યકિતઓએ ભારતમાં નાણાં મેળવવા માટે જાતે વ્યવસ્થા કરવી પડશે. બચતદારે માગેલી રકમોની ચુકવણી માટે નીચેની કાર્યરીતિ અનુસરવી જોઈશે:-

(૧) બચતદારે, નિવૃત્તિની તારીખની ઓછામાં ઓછું એક વર્ષ અગાઉ, ફંડમાંની રકમની ચુકવણી માટે કચેરી અથવા ખાતાના વડા દ્વારા હિસાબ અધિકારીને અરજી કરવી જોઈશે. તેની નિવૃત્તિ અગાઉના એક વર્ષની આખરે, વર્ષ માટે હિસાબ પત્રકમાં દર્શાવેલા ફંડમાં તેના ખાતે જમા રકમ માટે અથવા હિસાબ પત્રક મળ્યું ન હોય તે કેસમાં તેના ખાતાવહીના હિસાબમાં દર્શાવેલી રકમ માટે અરજી કરી શકાશે.

(૨) યથાપ્રસંગ, કચેરીના વડા અથવા ખાતાએ, બચતદારે લીધેલ પેશગી અને આવી પેશગી અંગે કરવાની વસૂલાતો અને આવી દરેક પેશગી સંબંધમાં વસૂલ કરવાના બાકી હપ્તાઓની સંખ્યા દર્શાવીને અને બચતદારે કરેલ ઉપાડ, કોઈ હોય તો, તે પણ દર્શાવીને અરજી હિસાબ અધિકારીને મોકલવી જોઈશે.

(૩) હિસાબ અધિકારીએ ખાતાવહીના હિસાબ સાથે ખરાઈ કર્યા પછી, નિવૃત્તિની તારીખે ચૂકવવાપાત્ર થાય તેમ, નિવૃત્તિની તારીખથી ઓછામાં ઓછું એક મહિના અગાઉ અરજીમાં દર્શાવેલી રકમ માટે અધિકારપત્ર કાઢી આપવો જોઈશે.

(૪) ખંડ (૩) હેઠળ આપેલ અધિકારપત્રથી ચુકવણીનો પહેલો હપ્તો નક્કી કરવો જોઈશે. ખંડ (૧) હેઠળ અરજી કર્યા પછી અને અરજી કરવાના સમયે ચાલુ પેશગીઓના હપ્તાના રિફંડ પછી, બચતદારે આપેલા ઉમેરા-ફાળાના સંબંધમાં, ચુકવણી માટેનો બીજો અધિકારપત્ર નિવૃત્તિ પછી શકય તેટલો જલ્દી કાઢી આપવો જોઈશે.

(૫) આખરી ચુકવણી માટેની અરજી હિસાબ અધિકારીને મોકલ્યા પછી. મંજૂર થયેલ પેશીગી અથવા ઉપાડની, હિસાબ અધિકારીને તરતજ જાણ કરવી જોઈશે અને મંજૂર કરતા સત્તાધિકારીની પહોંચ મેળવવી જોઈશે. ]

---

@ નાણાં વિભાગના તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૭૧ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૫! પીએફ

** [ (૪) પેટા-નિયમ (૩)માંજણાવેલી કાર્યરીતિ અથવા પેટા-નિયમ (૫) માં જણાવેલી કાર્યરીતિ અનુસાર, નિવૃત્તિ સમયે ફંડની સિલકની આખરી ચુકવણી અંગેના દાવા માટે બચતદારને વિકલ્પ આપવામાં આવશે.

* ( ૫) નિવૃત્તિની તારીખના છેલ્લા છ મહિના દરમિયાન બચતદારને ફંડમાં ફાળો ભરવો કે નહિ તે અંગે વિકલ્પ લેવા દેવો જોઈશે. આ હેતુ માટે નીચેની કાર્યરીતિ સ્વીકારવી જોઈશે:-

(૧) તમામ ઉપાડ અધિકારીએ ખાતરી કરવી કે, આખરી ચુકવણી માટેની અરજીઓ, બચતદારની નિવૃત્તિની તારીખથી ચાર મહિના અગાઉ હિસાબ અધિકારીને પહોંચ્યા છે.

(૨) જે બચતદાર, નિવૃત્તિની તારીખના છેલ્લા છ મહિના દરમિયાન ફંડમાં ફાળો ભરવાનું બંધ કરવા ઈચ્છતો હોય તે બચતદારે ફાળો ભરવાનું બંધ કરવાના તેના ઇરાદાની નિવૃત્તિની તારીખના આઠ મહિના અગાઉ, ઉપાડ અધિકારીને જાણ કરવી જોઈશે. ઉપાડ અધિકારીએ, આ હકીકત તેના ક્રમ પ્રમાણે હિસાબ અધિકારીને જણાવવી જોઈશે. આવા બચતદારના વર્ધિત પ્રોવિડન્ટ ફંડ પત્રકમાં બચતદારે ફાળો ભરવાનું જ્યારે બંધ કર્યું હોય તે તારીખ જણાવીને તેણે ફાળો ભરવાનું બંધ કર્યું છે તે દર્શાવીને છેલ્લી કપાતની માસિક પત્રકમાં યોગ્ય નોંધ કરવી જોઈશે.

(૩) આખરી ચુકવણી માટેની અરજી એકવાર હિસાબ અધિકારીને સાદર કરવામાં આવે તે, પછી, ફંડમાંથી આખરી ઉપાડની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૪)આખરી ચુકવણી માટેની અરજી મળ્યેથી, હિસાબ અધિકારીએ, નિવૃત્તિની તારીખે ચૂકવવાપાત્ર હોય તેમ બચતદાર ખરેખર નોકરી છોડે તે પહેલાં, ઉપાડ અધિકારીને પહોંચે તે રીતે, આખરી ચુકવણી માટેનો અધિકારપત્ર કાઢવો જોઈશે.

નોંધ ૧.- બચતદારના ખાતે જમા રહેલી રકમ, નિયમો ૨૩, ૨૪ અથવા ૨૫ હેઠળ આપવાપાત્ર થાય, ત્યારે હિસાબ અધિકારીએ, કેસમાં યોગ્ય લાગે તે પ્રમાણે પેટા-નિયમ (૩) અથવા પેટા-નિયમ (૫) માં દર્શાવેલી રીતે રકમની તાત્કાલિક ચુકવણી અધિકૃત કરવી જોઈશે.

નોંધ ૨.- આખરી ચુકવણી માટેની અરજીઓ સંજોગો પ્રમાણે યોગ્ય હોય તેવા નવમી અનુસૂચિમાં આપેલા નમૂના પૈકી એકમાં કરવી તેમજ તેમાં ભરેલું ચેક લીસ્ટ તેની સાથે હોવું જોઈએ અને દરેક આખરી ચુકવણીના કેસ સાથે જોડવું જોઈશ.

**નાણાં વિભાગના તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૪૭-પી એફ આર! ૧૦૮૩!૪૫૭!સી એચથી દાખલ કરેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૪૭! પી એફ આર-૧૦૮૩-૪૫૭-સીએચથી દાખલ કરેલ છે.

નોંધ ૩.- ફંડની સિલકની આખરી ચુકવણીમાંનો વિલંબ ટાળવા અને ઘટાડવા માટે, તમામ વહીવટી ખાતાએ અને ખાતાના વડાએ નાણાકીય વર્ષ દરમિયાન નિવૃત્ત થતા બચતદારની એકત્રિત યાદી તૈયાર કરવી જોઈશે અને મોડામાં મોડું અગાઉના વર્ષના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખે તેને મળે તે રીતે હિસાબ અધિકારીને નીચેની વિગતો પહોંચાડવી જોઈશે. આવી યાદી મોકલતી વખતે તે સ્પષ્ટ પણે દર્શાવાય તે ખરેખર જરૂરી છે:-

(૧) બચતદારીનાં નામ;

(૨) આવા દરેક બચતદારને હિસાબ અધિકારીએ ફાળવેલો સંપૂર્ણ ખાતા નંબર;

(૩) ઉપાડ અને વહેંચણી અધિકારીના સ્પષ્ટ ટપાલના સરનામા સાથે, બચતદાર; હાલ કામ કરતો હોય તે કચેરી; અને

(૪) પ્રાપ્ય હોય તો બચતદારનું નિવૃત્તિ પછી રહેઠાણનું સરનામું.]

## પેન્શનપાત્ર નોકરી.

૨૮. (૧) બચતદારની, સરકાર હેઠળની પેન્શનપાત્ર નોકરીમાં કાયમ માટે બદલી કરવામાં આવે તો તે, તેની ઈચ્છાનુસાર નીચેના માટે હકદાર થશે:-

(ક) ફંડમાં ફાળો ભરવાનું ચાલુ રાખવા માટે, આ કેસમાં તે કશા પેન્શન માટે હકદાર થશે નહિ; અથવા

(ખ) આવી પેન્શનપાત્ર નોકરી અંગે પેન્શન મેળવવા, આ કેસમાં તે તેની કાયમી બદલીની તારીખથી ......

(૧) ફંડમાં ફાળો ભરવાનું બંધ કરશે;

(૨) ફંડમાં તેના ખાતે જમા થયેલી સરકારના ઉમેરા-ફાળાની વ્યાજ સહિતની રકમ સરકારને ભરપાઈ કરશે;

(૩) ફંડમાં તેના ખાતે વ્યાજ સહિત જમા રહેતી ફાળાની રકમ જનરલ પ્રોવિડન્ટ ફંડમાં તેના ખાતે તબદીલ કરવામાં આવશે, અને તે પછી અનુક્રમે ફરજિયાત અથવા મરજિયાત ફાળાને લગતા તે ફંડના નિયમો અનુસાર તેમાં તેણે ફાળો ભરવો પડશે અથવા તે ફાળો ભરી શકશે ; અને

(૪) તેમ થતાં કાયમ માટે બદલીની તારીખ અગાઉ તેણે કરેલી નોકરી સંબંધિત પેન્શન નિયમો હેઠળ છૂટ મળતી હોય એટલા પ્રમાણમાં, પેન્શન માટે ગણવાને તે હકદાર થશે.

(૨) પેન્શનપાત્ર નોકરીમાં તેની કાયમ માટે બદલી કરતા હુકમની તારીખથી ત્રણ મહિનાની અંદર બચતદારે પેટા-નિયમ (૧) હેઠળનો તેનો વિકલ્પ પત્ર દ્વારા હિસાબ અધિકારીને જણાવવો અને આ મુદત સુધીમાં હિસાબ અધિકારીની કચેરીમાં આવી જાણ નહિ થાય તો બચતદારે. તે પેટા-નિયમના ખંડ (ક) માં દર્શાવેલી રીતે વિકલ્પ રાખ્યો છે એમ માની લેવામાં આવશે.

## કાર્યપધ્ધતિ.

* ૨૯. કમી કરી છે.

૩૦. ભારતમાં મળતરમાંથી કપાત દ્વારા અથવા રોકડથી ફાળો ચૂકવતી વાળા બચતદારે ફંડનો તેનો ખાતા નંબર લખવો. આ નંબર હિસાબ અધિકારી તેને જણાવશે. આજરીતે નંબર અંગેનો કોઈપણ ફેરફાર હિસાબ અધિકારીએ બચતદારને જણાવવો.

૩૧. (૧) હિસાબ અધિકારીએ દર વર્ષની ૩૧મી માર્ચ પછી દરેક બચતદારને ફંડમાં તેના ખાતે તારીખ ૧લી એપ્રિલના રોજ ઉઘડતી સિલક, વર્ષ દરમિયાન જમા થયેલી અથવા ઉધારેલી કુલ રકમ, વર્ષની ૩૧મી માર્ચે જમા થયેલી વ્યાજની કુલ રકમ અને તે તારીખે બંધ થતી સિલક દર્શાવતું પત્રક, જેમ બને તેમ જલ્દી મોકલવું. હિસાબ અધિકારીએ હિસાબના પત્રક સાથે બચતદારને નીચેનું પુછાણ બીડવું ....

(ક) નિયમ ૫ હેઠળ કરવામાં આવેલ નિયુકિતમાં બચતદાર કોઈપણ ફેરફાર કરવા ઇચ્છે છે કે કેમ;

(ખ) નિયમ ૫ ના પેટા-નિયમ (૧)ના પરંતુક હેઠળ બચતદારે તેના કુટુંબના સભ્યની તરફેણમાં કોઈ નિયુકિત કરી ન હોય તેવા કેસોમાં તે કુટુંબવાળો થયો છે કે કેમ.

(૨) વાર્ષિક પત્રકના ખરાપણા અંગે બચતદારોએ ખાતરી કરવી અને પત્રક મળ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર ભૂલો હિસાબ અધિકારીના ધ્યાન પર લાવવી;

(૩) હિસાબ અધિકારીએ, બચતદાર માગે તો છેલ્લા જે મહિનાનો તેનો હિસાબ લખાયો હોય તે મહિનાના અંતે ફંડમાં તેને ખાતે જમા નીકળતી કુલ રકમની તેને, વર્ષમાં વધુ વાર નહિ પરંતુ એકવાર જાણ કરવી.

@ ૩૨. [**પ્રકીર્ણ.**- સરકારને એવી ખાતરી થાય કે, આ નિયમોના અમલથી, બચતદારને નિવારી ન શકાય તેવી મુશ્કેલી પડશે અથવા પડવાનો સંભવ છે તો, સરકાર આ નિયમોમાં ગમે તે કોઈપણ મજકૂર હોય તે છતાં, સરકારને ન્યાયી અને સમાન લાગે તેવી રીતે, આવા બચતદારના કેસની તજવીજ કરી શકશે. ]

* નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૪!પીએફ આર !૨૪૭૧! ૯૬૨! સી એચથી કમી કરેલ છે.

@ નાણાં વિભાગના તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૮૬-પી એફ આર-૧૦૮૨-૨૨૯-સી એચ અને નાણાં વિભાગના તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૨૫-પી એફ આર-૧૦૮૨-૨૨૬-સીએચથી દાખલ કરેલ છે.